પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૨/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૦૫૪

**સુવિચાર**

કાલ કાલ કરતાં 'કાળ' ન આવી જાય.
માટે કાલે કરવાનું છે તે આજે કરો કાલની કોને ખબર છે ?

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## લંબી દીવારે ચુનવાદો, લાખ બિછાદો પહેરે, રસ્તે મે બિછાદો ઊંચે પર્વત સાગર ગહેરે, તુફા કબ રૂકતે હૈ, બાદલ જબ ઝુકતે હૈ, સારે કહે ઉઠતે હૈ

# આંદોલન કરવાવાળા ડરે નહી અને જે ડરે એ આંદોલન કરે નહી

**દેશનાં પાટનગરમાં હજારોની સંખ્યામાં ખેડૂતોએ પ્રવેશવા માટે હલ્લાબોલ કરતાં સુરક્ષાદળે અટકાવવાનો કર્યો પ્રયાસ**

**છેલ્લા ૪ દિવસથી સરકારે જે દીવાલો ઉભી કરી તેને હટાવીને ધરતીપુત્ર રાજધાનીમાં પ્રવેશવા આગળ વધી રહ્યા છે**

**બે વર્ષ પહેલા પ્રધાનમંત્રીએ ખેડૂતોને એમએસપી સહિતની આપેલ ખાત્રીનું પાલન કરાવવા ખેડૂતો આંદોલનનાં માર્ગે**

**જગતાતનું બિરૂદ પામેલ ખેડૂતોને કૃષિપ્રધાન દેશમાં આંદોલન કરવું પડે તે બાબત અતિ ચિંતાજનક**



નવી દિલ્હી, તા. ૧૩

ટેકાના ભાવ માટે કાયદો ઘડવો તેમજ ખેડૂતોના દેવા માફ કરવા સહિતની ૧૦થી વધુ માગણીઓ સાથે ખેડૂતો દ્વારા દિલ્હી તરફ કૂચ કરી છે. હરિયાણા અને પંજાબ વચ્ચે શંભુ બોર્ડરથી ખેડૂતો દિલ્હી તરફ આગળ વધી રહ્યા છે. આ દરમિયાન પોલીસે ખેડૂતોને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા અને કેટલાક ખેડૂતોની પોલીસે અટકાયત પણ કરી છે.

હરિયાણા-પંજાબની શંભુ બોર્ડર પર સ્થિતિ કાબૂ બહાર થઈ ગઈ છે. જો ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરવા મક્કમ છે તો હરિયાણા પોલીસ તેમને રોકવા માટે ટીયર ગેસના શેલ છોડી રહી છે. દિલ્હીમાં ઘૂસવા પર અડગ રહેતા ખેડૂતો ટ્રેક્ટર વડે સિમેન્ટ બેરિકેડ હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

દિલ્હીમાં લાલ કિલ્લો પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવ્યો છે. ખેડૂતોની 'દિલ્હી ચલો'

અનુસંધાન પાના ૬ ઉપર

★ જ્યારે ખેડૂતોની દિલ્હી તરફ કૂચને કારણે મંગળવારે એનસીઆરમાં ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો, ત્યારે ગાઝીપુર બોર્ડર, સિંઘુ બોર્ડર અને સંભુ બોર્ડર સહિતની તમામ સરહદો સીલ કરી દેવામાં આવી છે.

★ જ્યારે ખેડૂતોએ મંગળવારે સંભુ સરહદ પાર કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમની સુરક્ષા દળો સાથે અથડામણ થઈ. ખેડૂતોએ પોલીસ બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે ડ્રોનથી ટીયર ગેસના સેલ છોડ્યા હતા.

★ ખેડૂતોના આંદોલનને લઈને એઆઈએમઆઈએમચીફ ઓવૈસીએ કહ્યું કે મોદી સરકારે ખેડૂતોની માંગણીઓ પૂરી કરવી જોઈએ. આ સરકારની નિષ્ફળતા છે કે તે સતત સમયનો બગાડ કરી રહી છે. એમએસપી કાયદો જલ્દી લાગુ થવો જોઈએ.

★ કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડાએ મંગળવારે કહ્યું કે સરકાર ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે હું ખેડૂતોને વિનંતી કરું છું કે પર્યાવરણને બગાડવાનો પ્રયાસ કરી રહેલા આવા તત્વોથી સાવધ રહે.

★ સ્વામીનાથન કમિશનના અહેવાલ દ્વારા ભલામણ કરાયેલ તમામ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) ની બાંયધરી આપતો કાયદો બનાવવાની માંગ વિશે પૂછવામાં આવતા, કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સરકાર આવી ઘણી બાબતો પર સંમત છે.
અર્જુન મુંડા એવા મંત્રીઓની ટીમમાં સામેલ છે જેમણે ખેડૂત નેતાઓ સાથે વાત કરી હતી. આ ટીમમાં ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રી પીયૂષ ગોયલ, રાજયમંત્રી નિત્યાનંદ રાય અને પંજાબના મંત્રી કુલદીપ સિંહ ધાલીવાલ પણ સામેલ છે.

★ આ વખતે ખેડૂતોનું આંદોલન 'સંયુક્ત કિસાન મોરચા' અને 'પંજાબ કિસાન મજદૂર સંઘર્ષ સમિતિ' દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેનું નેતૃત્વ ખેડૂત સંઘના નેતાઓ જગજીત સિંહ દલ્લેવાલ અને સર્વન સિંહ પંઢેર કરી રહ્યા છે.

★ ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરના જણાવ્યા અનુસાર, લગભગ ૧૦હજાર ખેડૂતો શંભુ બોર્ડર પર છે. ખેડૂતો અહીં શાંતિપૂર્ણ પરિસ્થિતિ જાળવી રહ્યા છે, પરંતુ અમારી વિરુદ્ધ ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જ્યાં સુધી માંગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

★ ખેડૂતોએ કેન્દ્ર સરકાર સમક્ષ ૧૨ માંગણીઓ મૂકી છે, જેને લઈને તેઓ દિલ્હી સુધી કૂચ કરી રહ્યા છે. તેઓ સ્વામીનાથન કમિશનના અહેવાલ મુજબ તમામ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)ની બાંયધરી આપતા કાયદાની માંગ કરી રહ્યા છે.

★ આ વખતે તેઓ સંપૂર્ણ લોન માફી અને ખેડૂતો અને ખેત મજૂરોને પેન્શન આપવા માટેની યોજનાની પણ માંગ કરી રહ્યા છે. ખેડૂતોએ વીજળી સુધારા બિલ ૨૦૨૦ને રદ્દ કરવાની પણ વિનંતી કરી છે.

★ ખેડૂતોએ કલેક્ટર રેટ કરતા ૪ ગણા ખેડૂતોની સંમતિ અને વળતર સુનિશ્ચિત કરીને જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ને ફરીથી લાગુ કરવાની માંગ કરી છે. અને એલઆઈસીના શેરમાં નબળાઈ નોંધાઈ રહી છે.

### લગ્ન પ્રસંગમાંથી પરત આવતી વેળા ઘટના બની

# લુણીધાર નજીક અજાણ્યા વાહને બાઈકને હડફેટે લેતાં પત્નીની નજર સામે પતિનું મોત

**સ્થાનિક પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાના લુણીધર ગામ પાસે હિટ એન્ડ રનની ઘટના બની છે. બનાવની વિગત મુજબ બાબરાના મોટા દેવળીયા ગામ રહેતા જેઠાભાઈ ભગાભાઈ ગોલતર (ઉ.વ. ૬૫) અને તેમના પત્ની કમુબેન જેઠાભાઈ ગોલતર (ઉ.વ. ૬૦) બાબાપુર ગામે લગ્ન પ્રસંગમાં ગયાં હતાં. લગ્ન પ્રસંગ બાદ પરત બાઈક નંબર જી.જે.૭ બી.જી. ૬૪૫૦ ગઈકાલે બપોરના સમયે પરત આવતા હતા. દરમિયાન લુણીધર ગામ પાસે કોઈ અજાણ્યા વાહને હડફેટે લેતા બંને ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલ.તાકીદે ગોંડલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયા હતા. જયાં સારવારમાં જેઠાભાઈ ભગાભાઈ ગોલતરે દમ તોડી દીધો હતો. જયારે તેમની પત્ની કમુબેન ગોલતર હાલ સારવારમાં છે. મૃતક પશુપાલનની વ્યવસાય કરતા હતા. બે ભાઈમાં મોટા હતા. તેમને બે દીકરા અને ત્રણ દિકરી હોવાનું પરીવારજનોએ જણાવ્યું હતું. વડીયા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે.

### આરોપી તરફે એડવોકેટ નિશીત પટેલની ધારદાર દલીલો સફળ રહી

# અમરેલીમાં 3 વર્ષ પહેલા એસ.ટી. બસનાં ચાલકને માર મારી ફરજ રૂકાવટનાં કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

**અમરેલીનાં સેકન્ડ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે આરોપીને નિર્દોષ છોડી મુકયા**

અમરેલી, તા. ૧૩

અમરેલીમાં આજથી ત્રણેક વર્ષ પહેલા એસ.ટી. બસ ચાલકને માર મારી ફરજમાં રૂકાવટનાં ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે.

વિગત એવા પ્રકારની છે કે ગત તા. ૧૬ માર્ચ ૨૦૨૧નાં રોજ અમરેલી–ચકકરગઢ–દેવળીયા રૂટની બસનાં ચાલકે ચકકરગઢ માર્ગ પરનાં પીકઅપ સ્ટેન્ડે મુસાફર માટે બસ ઉભી રાખતા પાછળ કારમાં આવી રહેલ જયભાઈ વેકરીયાએ બસનાં ચાલકને બસ આગળ હંકારવાનું કહેતા કાર ચાલક અને બસ ચાલક વચ્ચે માથાકૂટ થઈ અને કાર ચાલકે લાકડી વડે બસનાં ચાલકાનાં ડાબા હાથની કોણી પાસે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી તેમજ ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ એસ.ટી. બસનાં ચાલકે નોંધાવેલ.



જે કેસ અમરેલીનાં સેકન્ડ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ચાલી જતાં બચાવ પક્ષનાં એડવોકેટ નિશીત પટેલની દલીલોનાં આધારે આરોપી કાર ચાલક જયભાઈ વેકરિયાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.












## બાબરાનાં ધરાઈ ગામનાં ભાજપ અગ્રણીએ ભાજપનાં અગ્રણી પર કર્યા શાબ્દિક પ્રહારો

# મોટા દેવળીયા જિ.પં.નાં ભાજપનાં સદસ્ય સામે ધરાઈનાં મુખ્યાજીનાં ગંભીર આક્ષેપો

**જિ.પં.નાં ભાજપનાં સદસ્યએ ૨૦૧૪માં ભાજપ વિરૂધ્ધ બેફામ વાણી વિલાસ કર્યાનો આક્ષેપ**

**બાલમુકુંદ હવેલીનાં બાંધકામ અટકાવવા કહેવાતા ભાજપનાં અગ્રણીઓનો મોટો ફાળો**

**ધરાઈનાં પૂર્વ ઉપ સરપંચની કરની અને કથની સમગ્ર પંથકની જનતા સારી રીતે જાણે છે**

**ધાર્મિક સ્થાનની જગ્યાનો વિવાદ હવે ભાજપનાં આગેવાનો વચ્ચે શરૂ થતાં પક્ષની છબીને નુકસાન**

બાબરા, તા. ૧૩

બાબરા તાલુકા ધરાઈમાં પ્રભુ બાલમુકુંદજીની હવેલી આવેલી છે. જેના વિકાસ માટે અને મંદિરના નૂતન વિકાસ માટે હાલ કામ શરૂ કરવામાં આવી રહ્યું છે. પણ અહીં અમુક વિવાદોના કારણે ધરાઈના પૂર્વ ઉપ સરપંચ અને મુખ્યાજી તેમજ મંદિરના ટ્રસ્ટી વચ્ચે વિવાદ થતા સામસામે આવી ગયા છે અને પોલીસ ફરિયાદ પણ થવા લાગી છે. બે દિવસ પહેલા ભાજપના અગ્રણીઓ દ્વારા સરપંચ અને ઉપ સરપંચના સમર્થનમાં આવેદનપત્ર પણ ધરાઈના મુખ્યાજી વિરૂદ્ધમાં મામલતદારને આપવામાં આવ્યું હતું. જેને લઈ ધરાઈ બાલમુકુંદ પ્રભુની હવેલીના ટ્રસ્ટી અને મુખ્યાજી ધર્મેન્દ્રભાઈ જોષીએ સોશ્યલ મીડિયામાં એક વીડિયો વાયરલ કરી સમસ્ત વૈષ્ણવો અને હવેલી પ્રત્યે શ્રદ્ધા ધરાવતા લોકો તેમજ ધર્મપ્રેમી લોકો સમક્ષ પોતાની વાત રજૂ કરી હતી.

ટ્રસ્ટી ધર્મેન્દ્રભાઈ જોષી દ્વારા વીડિયોમાં જિલ્લા પંચાયતના સભ્ય અને ભાજપના નેતા હિંમત દેત્રોજા અને સરપંચ પરેશ કાપડિયા વિરૂદ્ધ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. વર્તમાનમાં ભાજપ દ્વારા દેશમાં સનાતન ધર્મ રક્ષા માટે મોટા પાયે કામ કરવામાં આવી રહ્યું છે તો બીજી તરફ ધરાઈમાં ભગવાન શ્રી કૃષ્ણના નૂતન મંદિરમાં જિલ્લા પંચાયતના સભ્ય હિંમત દેત્રોજા ષડયંત્ર રચી કામ અટકાવી રહ્યા છે. વીડિયોમાં વધુ તેમણે રાજય સરકારને વિનંતી કરતા જણાવ્યું હતું કે બંને આગેવાનો ૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ કામ કરી ભાજપના ઉમેદવારને પરાજય કરવામાં કોઈ કચાસ બાકી રાખી નથી તેમજ બેફામ ભાજપ વિરૂદ્ધ વાણી વિલાસ કરેલ છે. રાજય સરકાર તેમજ જિલ્લાના ભાજપના મહત્વના અગ્રણીઓને હવેલીના ટ્રસ્ટી ધર્મેન્દ્ર જોષીએ હૃદયદ્રાવક અપીલ કરતા જણાવ્યું છે કે આ ભાજપનાં આગેવાનો અમોને ખોટી રીતે ફસાવે નહિ તેમજ મંદિરનું કામકાજ અટકાવે નહિ તેમાં હવેલી તરફે રહી પૂરતી મદદ કરવા જણાવ્યું હતું.

હાલ ભગવાન શ્રી બાલમુકુંદની હવેલીને લઈ જે વિવાદો થઈ રહ્યા છે તેને લઈ ભાવિકો તેમજ વૈષ્ણવોમાં ભારે દુઃખની લાગણી પ્રસરી ગઈ છે. ત્યારે આ વિવાદનો યોગ્ય ઉકેલ આવે તેવી સૌ ભાવિકો અરજ કરી રહ્યા છે.

---

### શુભપ્રસંગે બે શખ્સોએ ધમાલ મચાવી

## બગસરાનાં નટવરનગરમાં વરઘોડાનાં ફુલેકાને અટકાવનાર વિરૂધ્ધ ફરિયાદ

**પોલીસે બે શખ્સો વિરૂધ્ધ તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૩

બગસરા નટવરનગરમાં રહેતા મુળ સુરત આવાસ અમરોલીના વતની ચંદુભાઈ તુલશીભાઈ ડાભી નામના ૪૫ વર્ષિય વેપારી ગત તા. ૧૧ના રાત્રે ૧૦ વાગ્યે તેના ભત્રીજાના દિકરાનુ વરઘોડાનુ ફુલેકુ લઈને પરત આવતા હતા તે દરમ્યાન તે જ ગામે રહેતા રૂસ્તમભાઈ ઈકબાલભાઈ ફકીર તેનુ મોટર સાયકલ લઈને વરઘોડાની આગળ આડુ કરી દઈ અને વરઘોડો ચાલવા દેતા ન હોય. જેથી આરોપીને તેનુ મોટર સાયકલ લઈ લેવાનુ કહેતા આરોપીએ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો દેવા લાગેલ. જેથી ગાળો દેવાની ના પાડતા આરોપીએ ફોન કરતા બીજો આરોપી જયદિપ ઉર્ફ ગુડીયો તેનું મોટર સાયકલ લઈ આવી બન્ને આરોપીએ જેમફાવે તેમ ગાળો આપતા વેપારીએ ગાળો દેવાની ના પાડતા આરોપીએ નેફામાંથી છરી કાઢી વેપારીને મોઢાના જમણા ગાલ પર એક ઘા મારતા ચરકો કરી જમણા ગાલ ઉપરથી નાક સુધી વીસેક ટાકાઓ લાવી ગંભીર ઈજા કરી તથા અન્ય લોકોને ઢીકાપાટુનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

### મહિલાના પુર્વ પતિ સહિત પાંચ સામે ફરિયાદ

## રાજુલાના યુવક અને તેની સાથે મૈત્રી કરાર કરી સાથે રહેનાર મહિલા ઉપર હુમલો

**ખાંભા પોલીસે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૩

રાજુલા ગામે ભેરાઈ રોડ ઉપર આવેલ લીલા પીરની દરગાહ પાસે રહેતા અને જુના ઝાપોદરના રસ્તે આવેલ એક વાડીમાં કામ કરતાં રાજુભાઈ ઉર્ફે લાલો બચુભાઈ સરવૈયા નામના ૨૮ વર્ષિય ખેત–મજુરને આજથી આશરે એકાદ મહીના પહેલા હર્ષા ઉર્ફે હીરલ વા/ઓ જીતેન્દ્રસિંહ જશુભા વાળા હાલ રહે. મહુવાને તેના પતિ સાથે મનમેળ નહી હોવાથી યુવકે તેણી સાથે મૈત્રી કરાર કરી સાથે રહેતા હોવાથી આ વાતનું મનદુઃખ રાખી ગઈકાલે વહેલી સવારના છ વાગ્યાના અરસામા આ યુવક તથા હર્ષા ઉર્ફે હીરલ ખાંભા તાલુકાના નાની ધારી ગામે યુવકના સંબંધીના ઘરે હતા ત્યારે આરોપી જીતેન્દ્રસિંહ વાળા તથા જીતુભાઈ દિપસિંહ રાઠોડ તથા ઘેલાભાઈ કાનાભાઈ (રહે. બંન્ને રાજુલા) એક સફેદ કલરની ફોરવ્હીલ ગાડી લઈ આવી અને યુવકને ગાળો આપી યુવક તથા હર્ષા ઉર્ફે હિરલને લાકડાનાં ધોકાઓ તથા છરીના હાથા વડે શરીરે મુંઢમાર મારી બંન્નેને બળ જબરીથી તેની સાથે ઈકો ગાડીમાં બેસાડી તલગાજરડા, (તા. મહુવા) ગામની સીમમા જીતેન્દ્રસિંહ વાળાના વાડી/ખેતરે લઈ ત્યાં બન્નેને માર મારી, અને હર્ષા ઉર્ફે હીરલને જીતેન્દ્રસિંહ વાળા તથા જીતુભાઈ રાઠોડ તેઓની સાથે કયાંક લઈ જઈ અને આરોપી ઘેલાભાઈ તથા સુખદેવભાઈ નામના માણસે મને ગોંધી રાખી સાંજના સાડા ત્રણેક વાગ્યાના અરસામા આરોપી ઘેલાભાઈ તથા એક અજાણ્યા માણસે યુવકને ગાડીમાં બેસાડી મજાદર, (તા. રાજુલા) ગામના પાદરમાં ઉતારી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલ હોય. જેથી પાંચ ઈસમો વિરૂધ્ધ યુવકે ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

## બાબરા તાલુકા ભાજપ ઉપપ્રમુખનો આજે જન્મદિન

બાબરા, તા. ૧૩

બાબરા તાલુકા ભાજપ ઉપ પ્રમુખ અને ચેમ્બર ઓફ કોમર્સના સંગઠનમંત્રી કિરીટભાઈ બગડાનો આજે જન્મ દિવસ હોવાથી શહેર અને તાલુકા ભાજપના અગ્રણીઓ તેમજ ચેમ્બરના પ્રમુખ સહિત સ્થાનિક વેપારીઓ અને મિત્રો દ્વારા કિરીટભાઈ બગડા ને જન્મ દિવસ ની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.



---

## દામનગર બસ સ્ટેશનમાં મુકેલ સમય સારણી બોર્ડમાં કેટલાય રૂટના નામ નથી..!!




દામનગર, તા. ૧૩

દામનગરમાં અંદાજે રૂા.૯૦ લાખના ખર્ચે નવું બસ સ્ટેન્ડ બનાવ્યું ત્યારે શહેરીજનોમાં આનંદ છવાઈ ગયો હતો. જયારે આજના દિવસે કહેવાતા વિકાસના દાવાઓ વચ્ચે અહીંયા સમય સારણીમાં કેટલાય રૂટના નામ અને સમયનું નામો નિશાન નથી, અમરેલી એસ.ટી.ડેપોના મેનેજર કે વિભાગીય નિયામક ઓફિસની બહાર નીકળી અહીંયા દામનગર બસ સ્ટેશનમાં આવીને જુએ તો ખ્યાલ આવે કે કેટલી બેદરકારી છે કે માટે નામનો જ વિકાસ છે. મુસાફરો માટે ચલાવવામા આવતી એસ. ટી.બસોથી પ્રવાસ કરવામાં સલામત અને સરળતા રહે છે..નવા રૂટ ફાળવવામાં અને બંધ કરાયેલ રૂટ શરૂ કરવામાં પણ સ્ટાફની ઘટ બતાવવામાં આવે છે.ઠીક છે પરંતુ આ સમય સારણીમા નહિ લખાયેલ રૂટ – સમય લખવામાં આવે એવી મુસાફર વર્ગમાંથી માંગ ઉઠી છે.

---

## બાબરાની યમુના ગેસ એજન્સીમાં KYC કરાવી લો

બાબરા, તા. ૧૩

બાબરા અમરપરામાં આવેલ એચપી ગેસ કનેકશનમાં ઈ–કેવાયસી કરાવવું ફરજિયાત હોવાથી વહેલી તકે શ્રી યમુના ગેસ એજન્સી બાબરા ઓફિસએ રૂબરૂ આવી સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ બપોર પછી ૩:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધીમાં ઓફિસે રૂબરૂ આવીને ઈ–કેવાયસી કરાવી લેવા જણાવવામાં આવેલ છે.

ઉજ્જવલા યોજના હેઠળના તમામ ગ્રાહકોના ઈ–કેવાયસી ન થયું હોઈ એ ગ્રાહકોને સબસીડી નહી આવે તેની પણ નોંધ લેવી.

ગેસ ધારક મરણ ગયેલ હોય તેમને નામમાં ફેરફાર કરી જવો. ગેસ કનેકશન ધારકે રૂબરૂ આવવું ફરજિયાત છે. અને સાથે ગેસકનેકશનની બુક, આધાર કાર્ડ લેતાં આવવાના છે. તેમ યમુના ગેસ એજન્સીનાં સંચાલક નરૂંદાદા ત્રિવેદીએ જણાવ્યુ છે.

---

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## લાઠીનાં ભૂરખીયા ગામની સીમમાંથી ચોરાયેલ લોડર સાથે આરોપી ઝડપાયા

**સીસીટીવીની મદદથી આરોપી ઝડપાઈ ગયા**





અમરેલી, તા. ૧૩

અમરેલીના પોલીસ અધિક્ષક હિંમકરસિંહે અમરેલી જીલ્લામાં શરીર સંબંધી તથા મીલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ અટકાવવા તેમજ ગુન્હાઓ શોધી કાઢવા માટે સુચના આપેલ હોય. જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારીએ આ બાબતે જરૂરી માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ સબ. ઈન્સ. એચ.જે. બરવાડીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ લાઠી પોલીસ ટીમ દ્વારા ભુરખીયા ગામની સીમમાંથી માધવી સ્ટોન ક્રશર નામના ભરડીયેથી ચોરી થયેલ લોડર કિંમત રૂા. ૧,૦૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે અજીત ઘનશ્યામભાઈ પરમાર (રહે. નવાગામ, તા. લાઠી) તથા પરેશ ઘનશ્યામભાઈ ખેર (રહે. ઢસા જંકશન) નામના બે આરોપીને એક પીળા તથા લાલ કલરનું લોડર રૂા. ૧,૦૦,૦૦૦ના મુદામાલ સાથે અમરેલી જીલ્લામાં લગાવેલ સી.સી.ટી.વી કેમેરાની મદદથી પકડી પાડી ચોરીનો ભેદ ઉકેલી આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

---

### ખેડૂત પરિવાર વાડીએ ખેતી કાર્ય માટે જતાં

## લ્યો બોલો : બાબરાનાં કરિયાણા ગામે સવારનાં સમયે મકાનમાં તસ્કર ઘુસી ગયા

**રૂપિયા ૮૬ હજારનાં મુદ્દામાલની ચોરીની ફરિયાદ**

અમરેલી, તા. ૧૩

બાબરા તાલુકાના કરીયાણા ગામે રહેતા વિનુભાઈ રવજીભાઈ મકવાણા નામના ૪૫ વર્ષિય ખેડૂત તથા તેના ઘરના સભ્યો ગત તા. ૧૦ના સવારે ૮થી બપોરના ૧૨/૩૦ કલાક દરમ્યાન વાડીએ ગયેલ હોય. ત્યારે તે અરસામાં ખેડૂતના ઘરમાં કોઈ અજાણ્યો ચોર ઈસમ પ્રવેશ કરી રૂમના દરવાજાનો નકુચા તોડી રૂમમાં તિજોરીનો દરવાજો ખોલી અંદર રહેલ લોકર તોડી લોકરની અંદર રાખેલ રોકડ રૂપિયા ૧૬,૦૦૦ તથા સોનાનો ચેઈન આશરે બે તોલાનો કિંમત રૂપિયા ૭૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૮૬,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

---

# અમરેલી ખાતે માર્ગ સલામતી ઉજવણીને લઈને રેલી યોજાઈ









માર્ગ સલામતી માસની ઉજવણીના ભાગરૂપે પોલીસ તથા આર.ટી.ઓ. દ્વારા અમરેલી શહેરના મુખ્ય માર્ગ ઉપર ટ્રાફિક જાગૃતી માટે રેલી યોજવામાં આવી હતી. સરકારદ્વારા વાહન અકસ્માતો ઉપર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે તા.૧૫/૧ થી તા.૧૪/૨/૨૪ સુધી માર્ગ સલામતી માસની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ તથા આર.ટી.ઓ. અમરેલી દ્વારા અમરેલી શહેરના મુખ્ય માર્ગ ઉપર ટ્રાફીક જાગૃતી માટે રેલી યોજવામાં આવેલ હતી. આ રેલીમાં સ્કૂલના વિદ્યાર્થીઓ તથા અમરેલી જિલ્લા પોલીસ, આર.ટી.ઓ. અમરેલી તથા ઝછઇ જવાનો બહોળી સંખ્યામાં હાજર રહેલ હતાં અને જાહેર જનતામાં ટ્રાફિક અંગે જાગૃતિ લાવવા માટે ટ્રાફીકના નિયમોનું પાલન કરવા માટેના બોર્ડ તથા પોસ્ટેરોનું પ્રદર્શન કરવામાં આવેલ હતું. અમરેલી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારીએ આ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવેલ હતું અને રેલી પૂર્ણ થયે વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો અંગે જાણકારી આપવામાં આવેલ અને માર્ગ સુરક્ષા માટે કયા કયા નિયમો અને કાયદાનું પાલન કરવાનું છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

## ગામનાં સરપંચ અને ગામજનોએ મુખ્યમંત્રીને પત્ર પાઠવી કરી ફરિયાદ

# બાબરાનાં કર્ણુકી ખાતે પરવાનગી વગર પવનચક્કીનો ધમધમાટ

**ઓપેરા વિન્ડ તથા આયના વિન્ડ કંપની નિયમોનો ઉલાળીયો કરીને કાર્ય કરતી હોવાનો આક્ષેપ**

**નાયબ કલેક્ટર દ્વારા થયેલ હુકમ મુજબ પણ કંપની દ્વારા કામગીરી થતી નથી**

**ઉચ્ચ અધિકારીનાં હુકમ અને નિયમોનો ઉલાળીયો થતો હોય ગામજનોને કંપની ગણકારતી નથી**

**પવનચક્કીની કંપની સામે કાર્યવાહી ન થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી અપાઈ**

અમરેલી, તા. ૧૩

બાબરાનાં કર્ણુકી ગામનાં સરપંચ અને ગામજનોએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, કર્ણુકી ગામે ઓપેરા વિન્ડ તથા આયના વિન્ડ કંપનીને વિન્ડ મીલ ઉભી કરવાની કોઈ પણ જાતની પરવાનગી ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલ નથી. આમ છતાં કર્ણુકી ગામે આવે કર્ણુકી નદી નામે ઓળખાતી નદીાં ગેરકાયદેસર માટી નાખી નદી પુરાણ કરી દીધેલ છે અને જે માટી ગૌચર જમીનમાંથી તથા સરકારી ખરાબાની જમીનમાંથી ગેરકાયદેસર ઉપાડી લઈ ખનિજ તથા માટી ચોરી કરેલ છે. જે બાબતે ગ્રામજનો દ્વારા અમોને રજૂઆત કરવામાં આવતા અમોએ કર્ણુકી ગામે કામ કરી રહેલ ઓપેરા વિન્ડ તથા આયના વિન્ડ કંપનીનાં જવાબદાર માણસો તથા કોન્ટ્રાકટરોને ખનિજ ચોરી નહી કરવા તથા ગૌચર, સરકારી જમીનને નુકસાન નહી કરવા અને ગ્રામજનોનાં સીમવાડીઓનાં રસ્તાઓને નુકસાન નહી કરવા તથા ગ્રામ પંચાયત દ્વારા પવનચક્કી ડેવલોપીંગ માટે મંજુરી આપેલ ન હોય પવનચક્કી ઉભી નહી કરવા વિગેરે બાબતે સમજાવેલ. પરંતુ અમારી વાત માનેલ નહી અને જેઓએ પોતાની ગેરકાયદેસરની પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે અને ગામ સીમમાં હેવી વાહનો ગેરકાયદેસર રીતે ચલાવી નિયમો વિરૂધ્ધ તેમજ જરૂરી પરવાનગી મેળવ્યા વિના ગેરકાયદેસર કામ કરી રહેલ હોય તાત્કાલીક જેઓની સામે ધોરણસર થવા અને પવનચક્કીની કામગીરી અટકાવવી જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, નાયબ કલેકટરના હુકમ મુજબ જમીનોમાં જે તે અધિકૃત કંપની દ્વારા આવી કામગીરી કરવા સ્થાનિક કચેરી (સંબધિત ગ્રામ પંચાયત, મામલતદાર કચેરી તથા પ્રાંત કચેરી)ની મંજુરી લઈ સ્થાનિક કચેરીઓ દ્વારા જે શરતોએ મંજુરી આપે તે શરતોને બંધનમાં રહી રસ્તા પહોળા કરવાની કામગીરી/રસ્તો ખુલ્લો કરવાની કામગીરી તેમજ વીજપોલ ઉભા કરવાની કામગીરી કરવા હુકમ કરવામાં આવેલ અને મંજુર વગર આ પ્રકારની કામગીરી કરી શકશે નહીં તેવું હુકમમાં જણાવેલ. પરંતુ હાલ ગ્રામ પંચાયતની કોઈ પણ પ્રકારની મંજુરી લીધેલ નથી, હુકમનો પણ અમલ કરેલ નથી. હુકમનો અમલ ન થતો હોય તો તે આ કંપની ગ્રામ પંચાયત તેમજ ગ્રામજનોને કીડી મકોડાની માફક સમજી પોતાનો મનફાવે તેવો વ્યવહાર ગ્રામજનો અને ગ્રામ પંચાયત સાથે કરે છે.

જો તેઓની સામે યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો ગ્રામજનો તેમજ ગ્રામ પંચાયતને જરૂરી આંદોલન કરવાની ફરજ પડશે તેમ અંતમાં જણાવેલ છે.

## બાબરાનાં લોહાણા મહાજનનનાં અગ્રણીઓ દ્વારા માંગ

# અમરેલી લોકસભા બેઠક ઉપરથી ડો. ભરત કાનાબારને ઉમેદવાર બનાવવા માંગ


**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવીને માંગ કરાઈ**

બાબરા, તા. ૧૩

બાબરા લોહાણા મહાજનનાં પ્રમુખ તેજસ મસરાણી અને મંત્રી રિષી રૂપારેલીયાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, આગામી લોકસભાની ચૂંટણી ટુંક સમયમાં જાહેર થવા જઈ રહી છે ત્યારે અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા વર્ષોથી લોહાણા સમાજને ધારાસભા કે લોકસભામાં પ્રતિનિધિત્વ મળ્યું નથી. ત્યારે આગામી લોકસભાની ચૂંટણીમાં અમરેલી જીલ્લાનાં લોહાણા સમાજનું રત્ન એવા ડો. ભરતભાઈ જસવંતરાય કાનાબારને ટીકીટ આપી પ્રતિનિધિત્વ આપવા માટેનાં સચોટ અને સબળ કારો છે.

વધુમા જણાવે છે કે ડો. કાનાબારે (૧) પોતાની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન સ્કૂલ–કોલેજથી





માસ્ટર ઓફ સર્જન (એમ.એસ.) ડીગ્રી થ્રુ આઉટ ગોલ્ડ મેડાલીસ્ટ સાથે પ્રાપ્ત કરેલ છે.

(૨) રાજકીય ફલક ઉપર પક્ષ જે કોઈ જવાબદારી સોંપી તેમાં ૧૦૦% રીઝલ્ટ લાવી આપેલ છે.

(૩) દેશની રાજકીય સૂઝ–બુઝ સાથે ગૌરવંતા ગુજરાતથી લઈને પુરા ભારતનાં રાજકારણનાં ઉંડા અભ્યાસુ છે. રાજકારણ સાથે સ્પોર્ટસ ગુજરાતનું લોકસંગીત–સંતવાણી–ભજન–ફિલ્મ સંગીતમાં અભ્યાસુ સારા કલાકારની કિંમત આંકી તેનું ગૌરવ વધારવામાં અગ્રેસર રહ્યા છે.

## જાગૃત નાગરિક અને મીડિયાનો આભાર માનતા સ્થાનિકો

# હાશકારો : ચલાલાનાં હુડકો વિસ્તારનો ૨ વર્ષ જુનો વીજપ્રશ્ન દુર કરવામાં આવ્યો

**પીજીવીસીએલનાં અધિકારીઓની કામગીરીની પણ પ્રશંસા**

ચલાલા, તા. ૧૩

ચલાલામા આવેલ હુડકો મફત પ્લોટ વિસ્તારમાં ગાયત્રી ફિડરમાં છેલ્લા બે વર્ષથી ફોલ્ટ હોવાનાં કારણે આ વિસ્તારમાં વીજળી ખુબ અનિયમિત મળતી હતી. સ્થાનીક લોકો વીજળી અનમીયતાથી ત્રાહીમામ પોકારી હતા. સ્થાનીક આગેવાનોને સાથે રાખી ચલાલા પીજીવીસીએલ કચેરીમાં અનેક વાત લેખીત મૌખીક રજુઆતો કરવા છતા વીજ પુરવઠો અનિયમીત મળતો હતો. આ વિસ્તારનાં સામાજીક આગેવાન સુર્યવિરભાઈ વાળા મફત પ્લોટ અને હુડકોના લોકોને લઈને સ્થાનીક અખબારની ઓફીસે દોડી ગયા હતા અને આધાર પુરાવા સાથે ગાયત્રી ફિડરમાં છેલ્લા બે વર્ષથી ફોલ્ટ દુર નહી થવાથી આ વિસ્તારોમાં વીજળી પુરવઠો અનિયમીત મળે છે. તેવી રજુઆત કરેલ સ્થાનિક પત્રકારે તુરત જ ચલાલા ધજનેર હિરપરા અને અમરેલી ડિવીજનના સોજીત્રા સાથે વાત કરતા આ બન્ને અધિકારીઓએ જણાવેલ કે કેબલ નહી હોવાના કારણે ફોલ્ટ થતો નથી પણ આઠ દિવસમાં ગાયત્રી ફીડરનો ફોલ્ટ દુર કરવાની ખાત્રી આપી હતી. સ્થાનીક પત્રકારો તમામ અખબારોમાં સ્થાનીક લોકોની સમસ્યાનાં સમાચાર મોકલતા તમામ અખબારોએ ખુબ સારી રીતે આ સમાસાર પ્રસિધ્ધ થતા અધિકારીઓએ ખાત્રી આપ્યા મુજબ આઠ દિવસમાં છેલ્લા બે વર્ષનો ફોલ્ટ દુર કરી હતા. આ વિસ્તારની વીજળી સમસ્યાનો ઉકેલ આપતા સ્થાનીક લોકોમાં સંતોષ સાથે આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

## યુવા નેતા મનિષ સંઘાણી દ્વારા

# અમરેલીનાં વોર્ડ નં. ૪માં ગાવ ચલો અભિયાન યોજાયું

**શહેરીજનોને સરકારની યોજનાથી વાકેફ કરાયા**





અમરેલી, તા. ૧૩

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા કાર્યકર્તાઓ માટે ગાવ ચલો અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના અંતર્ગત અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ગાવ ચલો અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી અમરેલી વોર્ડ નંબર ૪ નાં બુથ નંબર ૧૯૧/૧૯૨ ખાતે પ્રવાસી તરીકે ગયા હતા. જયાં રાતવાસો કરી ગામડાના લોકો સાથે સરકારની વિવિધ યોજનાઓ જેવી કે ગરીબ કલ્યાણ માટેની યોજના, મહિલા સશકિતકરણ, બાહ્ય સુરક્ષા, વગેરે યોજના વિશે લોકોને વાકેફ કર્યા હતા.

## યુવા નેતા મનિષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

# સાવરકુંડલા ખાતે અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા મહિલા અને યુવક સહકારી સેમિનાર યોજાયો

**સેમિનારમાં યુવક અને યુવતિઓએ લાભ લીધો**

અમરેલી, તા. ૧૩

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના સહયોગથી અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા ખાતે અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા મહિલા અને યુવક સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૮૩ યુવકો – યુવતી ઓએ ભાગ લીધો હતો. જયારે અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી જીલ્લા સહકારી ખરીદ–વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, સાવરકુંડલા તાલુકા ભાજપ અધ્યક્ષ જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા નગર પાલિકા અધ્યક્ષ મેહુલભાઈ ત્રિવેદી, સાવરકુંડલા શહેર ભાજપ મહામંત્રી વિજયભાઈ વાઘેલા, મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા, નગર પાલિકાના સદસ્ય અજયભાઈ ખુમાણ, પૂર્વ નગર પાલિકા અધ્યક્ષ કોટીલાભાઈ, સાવરકુંડલા શહેર યુવા મોરચાના અધ્યક્ષ અનીરૂધ્ધભાઈ રાઠોડ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જયારે આ કાર્યક્રમનું સંચાલન વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલાના આચાર્ય શૈલેષભાઈ રવૈયા દ્વારા કરવામાં





આવ્યું હતું. જયારે આ કાર્યક્રમમાં સહકારીતાના તજજ્ઞનો દ્વારા યુવક અને યુવતીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. કાર્યકમના અંતમાં તમામ સહભાગીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યકમ ને સફળ બનાવવા માટે અમરેલી જીલ્લા સહકારી સંઘના એકઝીકયુટીવ ભાર્ગવ ત્રિવેદી, જીતુભાઈ ભડોદરિયા, રૂપલ સીસણાદા, સાગર મહેતા અને કર્મચારી ગણ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.






















### વધુ ૬ દેશોએ વિઝા ફ્રી ટ્રાવેલની સગવડ આપી

# થાઈલેન્ડ સહિતના દેશો ભારતીયોને વિઝા ફ્રી ટ્રાવેલની ઓફર કરે છે

## મલેશિયા, થાઈલેન્ડ સહિત કેટલાક દેશો ભારતીય ટુરિસ્ટને અમુક સમય માટે વિઝા ફ્રી ટ્રાવેલની ઓફર કરે છે

નવી દિલ્હી, તા.૧૩

ભારતીયોને હવે વિદેશ પ્રવાસનો ચસ્કો લાગી ગયો છે જેનો ફાયદો લેવા માટે ઘણા દેશો ભારતીયોને વિઝા વગર એન્ટ્રી આપવાની ઓફર કરે છે. વિઝા ફ્રી એન્ટ્રીની સગવડ હોય તો ભારતીય ટુરિસ્ટોની સંખ્યા આપોઆપ વધી જાય છે. તાજેતરમાં એક પછી એક ૬ દેશોએ ભારતીયો માટે ખાસ સ્કીમની જાહેરાત કરી છે. તેથી આ દેશોની મુલાકાત લેવા માટે તમારે પહેલેથી વિઝાની માથાકૂટમાં પડવાની જરૂર નથી.

કયા નવા ૬ દેશમાં ભારતીયને વિઝા ફ્રી જવા મળશે તેના વિશે જાણીએ:

૧) મલેશિયા આ લિસ્ટમાં પહેલા નંબર પર છે. મલેશિયા પહેલીથી ટુરિસ્ટ ફ્રેન્ડલી દેશ છે જેની મુલાકાત લેવા માટે ભારતીયોને અગાઉ વિઝાની જરૂર પડતી હતી. પરંતુ હવે તેઓ ડાયરેક્ટ મલેશિયા જઈ શકે છે. ૧ ડિસેમ્બર ૨૦૨૩થી ભારતીયોને આ લાભ મળી રહ્યો છે અને હજુ પણ ચાલુ છે. તેથી મલેશિયામાં ૩૦ દિવસ સુધીના ટ્રાવેલ માટે પહેલેથી વિઝાની જરૂર નથી. જોકે, એરપોર્ટ પર પ્રાથમિક સ્ક્રિનિંગ કરવામાં આવશે. કોઈ વ્યક્તિનો રેકોર્ડ ખરાબ હશે અથવા ત્રાસવાદની ઘટનાઓ સાથે સંકળાયેલ હશે તો તેને એન્ટ્રી નહીં મળે.

૨) આફ્રિકાના દેશ કેન્યામાં પણ ભારતીયો વગર વિઝાએ જઈ શકે છે. ૧ જાન્યુઆરીથી કેન્યાએ આ ઓફર કરી છે. કેન્યાએ આમ તો તમામ ગ્લોબલ વિઝિટર્સ માટે વિઝા ફ્રી એન્ટ્રી જાહેર કરી છે. તેનાથી કેન્યાના ટુરિઝમને ભારે પ્રોત્સાહન મળે તેવી શક્યતા છે કારણ કે આ દેશ કુદરતી સૌંદર્યથી ભરપૂર છે. અહીંના જંગલોમાં એવા પ્રાણીઓ જોવા મળશે જે તમને બીજે ક્યાંય નહીં દેખાય.

૩) થાઈલેન્ડે પણ ગયા વર્ષથી જ ભારતીયોને વિઝા ફ્રી એન્ટ્રીની જાહેરાત કરી દીધી છે. આ ઓફર ૧૦ નવેમ્બર ૨૦૨૩થી શરૂ થઈ છે અને ૧૦ મે ૨૦૨૪ સુધી ચાલુ રહેશે. આ ઓફર માત્ર ટુરિસ્ટ માટે છે અને ૩૦ દિવના સ્ટે માટે લિમિટેડ છે.

૪) વિયેતનામમાં પણ ભારતીયો વિઝા વગર જઈ શકે છે. ભારતીયો ઉપરાંત ચીનના લોકોને પણ વિયેતનામે આ સુવિધા આપી છે. હાલમાં ચોક્કસ યુરોપિયન દેશોના લોકો જ વિયેતનામમાં વિઝા વગર જઈ શકતા હતા. અન્ય લોકોએ ૯૦ દિવસની વેલિડિટી સાથે ઈ વિઝા લેવાના હોય છે.

૫) શ્રીલંકા એ ભારતનો પડોશી દેશ છે અને કુદરતી સૌંદર્યથી છલકાય છે. શ્રીલંકાએ એક પાઈલટ પ્રોજેક્ટ તરીકે ભારતીયોને વિઝા વગર એન્ટ્રી આપવાની જાહેરાત કરી છે અને આ ઓફર ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી મર્યાદિત છે.

૬) ઈરાન પણ ભારત સાથે સારી મિત્રાતા ધરાવે છે અને ભારતીયોને વિઝા ફ્રી એન્ટ્રી આપવાની જાહેરાત કરી છે. ૪ ફેબ્રુઆરીથી ભારતીય પાસપોર્ટ હોલ્ડર્સ ઈરાનમાં વિઝા વગર જઈ શકશે. તેમાં શરત માત્ર એટલી છે કે ઈરાનમાં વધુમાં વધુ ૧૫ દિવસના રોકાણની મંજૂરી છે. ત્યાર પછી આ વિઝા એક્સટેન્ડ કરવામાં નહીં આવે.

આ ઉપરાંત ભારતીયો ઈન્ડોનેશિયા અને મોરેશિયસ પણ વિઝા વગર જઈ શકે છે. આ બંને દેશ ભારતીય ટુરિસ્ટને આવકારે છે અને વિઝા ફ્રી એન્ટ્રીની ઓફર કરે છે. મોરેશિયસમાં વધુમાં વધુ ૯૦ દિવસના રોકાણ માટે આ ઓફર ઉપલબ્ધ છે.

અહીં એ યાદ રાખવું જરૂરી છે કે વિઝાના નિયમો ઘણી વખત અગાઉથી જાણકારી આપ્યા વગર બદલી નાખવામાં આવે છે. તેથી ટ્રાવેલ કરતા અગાઉ સત્તાવાર માહિતી મેળવી લેવાની સલાહ અપાય છે.

આ ઉપરાંત કેટલાક દેશોમાં તમારા પાસપોર્ટની વેલિડિટી પણ થોડી વધારે હોય તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

### ભારતીય ટ્રાયબલ ટાઈગર સેનાની માગ

# આગામી લોકસભા ચૂંટણી EVના સ્થાને બેલેટ પેપરથી કરવા માગ

## આદિવાસી પટ્ટી સ્થિત ડાંગ જીલ્લાની ભારતીય ટ્રાયબલ ટાઈગર સેના કાર્યકરોએ કલેક્ટર ને આવેદનપત્ર આપ્યું

ડાંગ, તા.૧૩

આદિવાસી પેટ્ટી સ્થિત ડાંગ જીલ્લાની ભારતીય ટ્રાયબલ ટાઈગર સેના કાર્યકરો દ્વારા ભારત દેશમાં બેલેટ પેપરથી ચુંટણી યોજવાની માંગ સાથે જિલ્લા કલેક્ટર ને આવેદનપત્ર આપ્યું છે. આગામી લોકસભા ચૂંટણી નજીકના સમયમાં યોજાનાર છે ત્યારે આ ચૂંટણીમાં ઈફસ ના સ્થાને બેલેટ પેપરનો ઉપયોગ કરવા માંગ કરવામાં આવી છે.ભારતી ટ્રાઈબલ ટાઈગર સેના ડાંગ દ્વારા પ્રમુખ નિલેશ ઝાબરે ની આગેવાની હેઠળ ડાંગ કલેકટર ને આવેદનપત્ર આપતા જણાવવાનું કે, અમેરિકા, જાપાન, પાકિસ્તાન, નેધરલેન્ડ, આયલેન્ડ જેવા દેશોમાં આજે ત્યાં લોકશાહીનાં માધ્યમથી બેલેટ પેપરથી ચુંટણી થાય છે અને ભારતમાં લોકસભાની અને દરેક રાજયની વિધાનસભાની ચુંટણીઓ કે તમામ ચુંટણીઓ બેલેટ પેપરથી થવી જોઈએ.ભારતથી વધુ વિકસીત અન્ય બીજા દેશમાં જો બેલેટ પેપરથી થાય છે ત્યાં ઈલેકટ્રીક વોટીંગ મશીનથી ચુંટણી થતી નથી તો તેનો અર્થ એ થાય છે કે માનવ નિર્મિત ઈલેકટ્રીક વોટીંગ મશીન ઉપર તેઓને ભરોષો નથી. આ સાથે લોકશાહી બચાવવા માટે ઈલેકટ્રીક વોટીંગ મશીનની જગ્યા ચુંટણી બેલેટ પેપરથી થાય તેવી માંગ કરાઈ છે .લોકોની માંગ છે કે આવનાર લોકસભાની ચુંટણી ૨૦૨૪માં મશીન હટાવીને બેલેટ પેપર થી થાય એ જરૂરી હોવાનું કહેવામાં આવ્યું છે.આ આવેદનપત્ર આપતી વેળાએ બીટીટીએસ ના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૧૯૯૦ ના દાયકામાં, ભારતના ઘણા વિસ્તારોમાં બૂથ કેપ્ચરિંગ અને બોગસ મતદાન જેવી સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) નો ઉપયોગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેનો ઉપયોગ આજે ભારતમાં સંસદીયથી લઈને મ્યુનિસિપલ ચૂંટણી સુધીની ચૂંટણીઓમાં કરવામાં આવે છે. તેમાં વ્યક્તિ ફક્ત એક જ મત આપી શકે છે જે અમાન્ય મતની શક્યતાને દૂર કરે છે.ઈવીએમમાં માઈક્રોકન્ટ્રોલર આધારિત ડિઝાઈન છે જે સુરક્ષિત અને સરળ મતદાન અને મતોની ગણતરી ચોક્કસ અને કાર્યક્ષમ રીતે સુનિશ્ચિત કરે છે. ઈવીએમ વર્ષો સુધી વોટિંગ ડેટા જાળવી રાખે છે જે જરૂર પડે ત્યારે રિકવર કરી શકાય છે. ભારતના ચૂંટણી પંચે ૧૯૮૯માં ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) અને ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (ECIL) સાથે મળીને ઈવીએમ વિકસાવ્યા હતા.

### આરોપીએ PM મોદીના ભાષણના વીડિયોને મોડિફાય કર્યો હતો

# PM મોદીના સંસદમાં સંબોધનના વીડિયો સાથે છેડછાડ

## આરોપીનો ઈરાદો અનામત મેળવતી જ્ઞાતિના લોકોને દુષ્પ્રેરીત કરવાનો હતો

અમદાવાદ, તા.૧૩

અમદાવાદમાં PM મોદીના સંસદમાં સંબોધનના વીડિયો સાથે છેડછાડ કરવાના કેસમાં સાયબર ક્રાઈમે કાર્યવાહી કરી છે. વીડિયો વાયરલ કરનાર આરોપી મહેન્દ્ર ડોડીયાની સાયબર ક્રાઈમે ધરપકડ કરી છે. આરોપીએ PM મોદીનો ભાષણના વીડિયોને મોડિફાય કર્યો હતો. આરોપીનો ઈરાદો અનામત મેળવતી જ્ઞાતિના લોકોને દુષ્પ્રેરીત કરવાનો હતો. ઉલ્લેખનીય છે કે, આરોપી મહેન્દ્ર ડોડીયાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સંસદમાં અનામતને લઈ આપેલી સ્પીચને છેડછાડ કરી એક બનાવટી વીડિયો વાયરલ કર્યો હતો. અનામતને લઈ ગેરમાર્ગે દોરી અને વાતાવરણને તંગ કરવા માટે સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કર્યો હતો. જે વીડિયોની જાણ સાયબર ક્રાઈમને થતાં આરોપી મહેન્દ્ર ડોડીયાની ઓઢવથી ધરપકડ કરી છે.આરોપી મહેન્દ્ર ડોડીયા ઓઢવનો રહેવાસી છે અને ટ્રક ડ્રાઈવર છે, તાજેતરમાં મહાનગર પાલિકાની યોજાયેલી ચૂંટણીમાં આરોપીએ દસ્ક્રોઈ વોર્ડને લઈને આમ આદમી પાર્ટીમાંથી ટિકિટ માંગી હતી, પરંતુ તેને ટિકિટ આપવામાં આવી નહોતી. જોકે હવે લોકસભાની ચૂંટણી આવી રહી છે, ત્યારે કોઈ પણ પાર્ટીની ટિકિટ મળે અને સમાજમાં તેનું વર્ચસ્વ ઉભુ થાય તેવા ઈરાદે આરોપીએ પ્રધાનમંત્રીને બદનામ કરવા માટે સંસદની સ્પીચને છેડછાડ કરીને અનામતનો વીડિયો વાયરલ કર્યો હતો.સરકારની છબી ખરડાય તેવું કૃત્ય કરતા આરોપી મહેન્દ્રની સાયબર ક્રાઈમ ધરપકડ કરીને તેનો મોબાઈલ એફ.એસ.એલમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીએ રાજકીય લાભ મેળવવાના હેતુથી તેમજ દેશમાં અનામત મેળવી જુદી જુદી જ્ઞાતિ અને વર્ગના લોકોને દુષપ્રેરિત કરવાના ઈરાદાથી આ વીડિયો વાયરલ કર્યો હોવાની કબૂલાત કરી છે, પરંતુ આરોપીની આવી હરકત પાછળ અન્ય વ્યક્તિની સંડોવણી છે કે નહિ તે દિશામાં તપાસ શરૂ કરી છે.

### રાજ્યમાં ફરી એકવાર જાતિવાદનો ઝેર ઉગલવાનો પ્રયાસ

# ચડાસણ ગામે જાતિવાદી ઝેર ધરાવતા શખ્સોનો આતંક

## ૪ શખ્સોએ દલિત વરરાજાને અપશબ્દો બોલી ઘોડી પરથી નીચે ઉતાર્યો હતો અને ધાક ધમકી આપી હતી

ગાંધીનગર, તા.૧૩

રાજયમાં ફરી એકવાર જાતિવાદનો ઝેર ઉગલવાનો પ્રયાસ કરાયાનો કિસ્સો ધ્યાને આવ્યો છે. ગાંધીનગરમાં જાતિવાદી ઝેર ધરાવતા અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે. ૪ શખ્સોએ દલિત વરરાજાને અપશબ્દો બોલી ઘોડી પરથી નીચે ઉતાર્યો હતો અને ધાક ધમકી આપી હતી.

ગાંધીનગરના ચડાસણ ગામે આવેલી જાનને રોકી અસામાજિક તત્વોનો આતંક મચાવ્યો છે. આપને જણાવીએ કે, ચડાસણા ગામમાં જાન આવતા ગામના ૪ શખ્સોએ જાનને રોકી હતી. જે જાતિવાદની ભ્રામકતા ધરાવતા શખ્સો દ્વારા કહેવામાં આવ્યું હતું કે, 'અમારા ગામના તમને રિવાજ ખબર નથી'. આમ ધાક ધમકી દ્વારા વરરાજાને ઘોડી પરથી નીચે ઉતાર્યો હતો. આમ આ લગ્ન પ્રસંગમાં ૪ શખ્સોએ ઘોડી અને ડિજે વગાડનાર લોકોને ગામમાંથી ભગાડી દીધા હતાં. જો કે, સમગ્ર ઘટનાને લઈ ૪ શખ્સો સામે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે. જે ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે જેમાં જોઈ શકાય છે કે, કેટલાક વ્યક્તિઓ અપશબ્દો પણ બોલી રહ્યાં છે. ઘટના પગલે ગામમાં ઉગ્ર માહોલ પણ બન્યો હતો.

### RBI એ બનાવ્યો નવો પ્લાન

# ઓનલાઈન ટ્રાન્ઝેક્શન માટે હવે OTPની જરૂર નહીં પડે!

## આરબીઆઈ વધુ એક સુરક્ષા પદ્ધતિ લાવવાનું વિચારી રહી છે. તેના દ્વારા ગ્રાહકોના ઓનલાઈન ટ્રાન્ઝેક્શનને સુરક્ષા મળશે

નવી દિલ્હી, તા.૧૩

ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા છેતરપિંડીના કિસ્સાઓ વધી રહ્યા છે. આને રોકવા માટે આરબીઆઈ સમયાંતરે કામ કરતી રહે છે. હવે આરબીઆઈ ઓનલાઈન છેતરપિંડી રોકવા માટે એક નવી સિસ્ટમ બનાવવા જઈ રહી છે, જેથી તમારે પેમેન્ટ કરવા માટે OTPની જરૂર નહીં પડે. હાલમાં, કોઈપણ જગ્યાએ કોઈપણ ઓનલાઈન વ્યવહાર કરવા માટે, તમને ચકાસણી માટે SMS દ્વારા OTP પ્રાપ્ત થાય છે. આ OTP પદ્ધતિ એ સુનિશ્ચિત કરે છે કે ઓનલાઈન પેમેન્ટમાં કોઈ ખલેલ કે છેતરપિંડી ન થાય.

OTP નો સૌથી સામાન્ય વિકલ્પ ઓથેન્ટિકેટર એપ છે. આ માટે વપરાશકર્તાઓને તેમના મોબાઈલ ફોન પરની અન્ય એપ્લિકેશનમાંથી પાસવર્ડ પુનઃપ્રાપ્ત કરવાની જરૂર છે. સેવા પ્રદાતાઓએ મોબાઈલ એપ્લિકેશન્સમાં ટોકન્સ જેવા અન્ય વિકલ્પો પણ વિકસાવ્યા છે. પરંતુ આ બધી પ્રક્રિયાઓ માટે ફોનની જરૂર પડે છે. આ માટે RBIએ બેંકોને SMS આધારિત વન-ટાઈમ પાસવર્ડ (OTP)ના વિકલ્પ પર વિચાર કરવા કહ્યું છે. પરંતુ વિકલ્પ ગમે તે હોય, મોબાઈલ ફોનની ઉપયોગિતા યથાવત રહેશે. બેંકર્સ કહે છે કે OTPs છેતરપિંડી માટે સંવેદનશીલ હોય છે, જ્યાં કોઈ વ્યક્તિ ગ્રાહકોને પાસવર્ડ આપીને અથવા સિમ સ્વેપ દ્વારા તેને પકડી શકે છે.રૂટ મોબાઈલના એમડી અને સીઈઓ રાજદીપકુમાર ગુપ્તા કહે છે કે તેમની કંપની વિવિધ સર્વિસ પ્રોવાઈડર્સ વતી દર મહિને લગભગ ૪૦૦ કરોડ OTP મોકલે છે. પરંતુ, ડિજિટલ સિસ્ટમના વિકાસ સાથે, છેતરપિંડીની શક્યતા પણ વધે છે. તેમણે જણાવ્યું હતું કે વધતી જતી છેતરપિંડીથી કંપની ટૂઅન્સ ડિવિઝન શરૂ કરવા માટે પ્રેરિત થઈ છે. ટૂસેન્સે OTP-લેસ પ્રમાણીકરણ રજૂ કર્યું છે, જ્યાં સેવા પ્રદાતા પાસે વપરાશકર્તાઓના ઉપકરણ સાથે સીધું ડેટા કનેક્શન હશે. તે મોબાઈલ નંબરની ઓળખ કરશે અને વપરાશકર્તાને OTP દાખલ કર્યા વિના ઉપકરણ સાથે ટોકનનું વિનિમય કરશે. ડેવિડ વિગર, ડિજિટલ ઓળખના એક્ઝિક્યુટિવ વીપી, કહે છે કે બાયોમેટ્રિક્સ એકમાત્ર શ્રેષ્ઠ પ્રમાણીકરણ વિકલ્પ નથી, કારણ કે AI માં એડવાન્સિસે ચહેરાની ઓળખને બાયપાસ કરીને ડીપફેક્સનું નવું જોખમ ઊભું કર્યું છે. વિગરના મતે, મોબાઈલ ફોન ભારતીય બજાર માટે શ્રેષ્ઠ ઓળખકર્તા છે કારણ કે ગ્રાહકે કનેક્શન મેળવતા પહેલા તેની ઓળખની ચકાસણી કરવી પડે છે. ઈમેઈલ એટલો સારો વિકલ્પ નથી, કારણ કે નકલી ઈમેલ ઓળખ બનાવવી સરળ છે. વધુમાં, કોઈપણ કેવાયસી વિના ઈમેલ જનરેટ કરી શકે છે.

### CM ભૂપેન્દ્ર સરકારનો નિર્ણય

# રાજ્યના NFSA ધારકોને પણ PMJAY હેઠળ કાર્ડ આપવાનો નિર્ણય

## PMJAY અંતર્ગત આણંદમાં છેલ્લા બે વર્ષમાં ૬.૫૮ લાખ કાર્ડ અપાયા : મંત્રી ઋષિકેશ પટેલ

ગાંધીનગર, તા.૧૩

છેવાડાના માનવીને ઝડપી અને વિનામૂલ્યે સારવાર મળી રહે તેવા ઉમદા હેતુથી તત્કાલીક મુખ્યમંત્રી અને વડાપ્રધાન મોદીએ દેશમાં સૌપ્રથમ વર્ષ ૨૦૧૩માં ગુજરાતમાં મા કાર્ડ યોજનાનો અમલ શરૂ કર્યો હતો. આ યોજના અત્યારે દેશ માટે રોલ મોડલ બની છે જેને સમગ્ર દેશ અપનાવી રહ્યું છે. ગુજરાતમાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ૬.૫૮ લાખ,અરવલ્લી જિલ્લામાં ૨.૧૨ લાખ તેમજ સાબરકાંઠામાં ૨.૭૨ લાખ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-PMJAY કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે તેમ, આજે વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી કાળમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નોનો ઉત્તર આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. મંત્રીએ પેટા પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે, PMJAY યોજના હેઠળ આણંદમાં છેલ્લા એક વર્ષમાં રૂ. ૬૮.૨૫ કરોડના ખર્ચે ૩૭,૮૪૦ લાભાર્થીઓના દાવા મંજૂર કરવામાં આવ્યા છે. આ જ રીતે અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૩,૨૭૦ લાભાર્થીઓને રૂ.૩૦.૦૨ કરોડ જ્યારે સાબરકાંઠા જિલ્લામાં ૫૩,૧૯૦ લાભાર્થીઓને રૂ.૧૧૬.૧૮ કરોડ ચૂકવવામાં આવ્યા છે.

આણંદ જિલ્લામાં કુલ ૪૫ માંથી ૨૭ સરકારી ૧૮ ખાનગી હોસ્પિટલ, અરવલ્લીમાં ૫૯માંથી ૪૪ સરકારી અને ૧૫ ખાનગી જયારે સાબરકાંઠામાં ૯૧ માંથી ૬૨ સરકારી અને ૨૯ ખાનગી હોસ્પિટલમાં PMJAY હેઠળ રૂ.૧૦ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું કે, આ યોજના હેઠળ તમામને સમાવી લેવાના લક્ષ્યાંક સાથે આગામી સમયમાં રાજ્યના NFSA કાર્ડ ધારકોને પણ PMJAY કાર્ડ આપવાનો મહત્વનો નિર્ણય પણ સરકારે કર્યો છે.

### ગુજરાત મુલાકાત દરમિયાન વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતુ

# અમિત શાહના કાર્યક્રમમાં ફેરફાર, દિલ્હી જવા થયા રવાના

## અનિવાર્ય સંજોગોના કારણે અમિત શાહને દિલ્હી પહોંચવુ પડે તેમ હતુ, જેના કારણે તેઓ કાર્યક્રમમાં ફેરફાર કરીને દિલ્હી જવાના રવાના થયા હતા

અમદાવાદ, તા.૧૩

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ આજે તેમના મત વિસ્તારમાં લોકાર્પણ અને ખાત મુહૂર્તના કાર્યક્રમ કરવાના હતા, જો કે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અનિવાર્ય સંજોગોના કારણે અમિત શાહને દિલ્હી પહોંચવુ પડે તેમ હતુ, જેના કારણે તેઓ કાર્યક્રમમાં ફેરફાર કરીને દિલ્હી જવાના રવાના થયા હતા.કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ આજે તેમના મત વિસ્તારમાં લોકાર્પણ અને ખાત મુહૂર્તના કાર્યક્રમ કરવાના હતા, જો કે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અનિવાર્ય સંજોગોના કારણે અમિત શાહને દિલ્હી પહોંચવુ પડે તેમ હતુ, જેના કારણે તેઓ કાર્યક્રમમાં ફેરફાર કરીને દિલ્હી જવા રવાના થયા હતા.અમિત શાહે વહેલી સવારે જે બેઠક હતી તેમાં હાજરી આપ્યા બાદ તેઓ દિલ્હી જવા રવાના થયા હતા. અમિત શાહના કાર્યક્રમમાં ફેરફાર બાદ હવે મુખ્યમંત્રીના હસ્તે ગાંધીનગર લોકસભામાં વિવિધ કાર્યક્રમોના લોકાર્પણ અને ખાતમુહૂર્તનું આયોજન કરવામાં આવ્યુ છે. હવે અમિત શાહના બદલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઔડા દ્વારા નવનિર્મિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ, ખરીદ વેચાણ સંઘના ગોડાઉનનું ખાતમુહૂર્ત અને મોડાસર અને ઝોલાપુર તળાવનું લોકાર્પણ થશે.ગઈકાલે એટલે કે સોમવારે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે આજે ગુજરાત મુલાકાત દરમિયાન વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતુ. ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના અંતર્ગત અમદાવાદમાં EWS ૫૮૮ આવાસોનું લોકાર્પણ કર્યું ઉપરાંત AMCના વિવિધ ૭ પ્રોજેક્ટનું લોકાર્પણ-ખાતમૂર્હુત કરવામાં આવ્યું.ઉપરાંત વાડજમાં AMCની નવનર્મિત શાળાનું લોકાર્પણ કરી અમિત શાહે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. નવી શાળાઓની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતુ.

તો વાડજમાં સ્વ. પ્રકાશચંદ્ર પાઠક માર્ગ નામકરણ કાર્યક્રમમાં અમિત શાહ ઉપસ્થિત રહ્યા અને માર્ગના નામની તકતીનું અનાવરણ કર્યું હતુ.

### આવતીકાલે કરશે BAPS મંદિરનું ઉદ્‌ઘાટન

# વડાપ્રધાન મોદીનો UAE પ્રવાસનો કાર્યક્રમ ટુંકાવાયો

## UAEમાં ભારે વરસાદને કારણે સમગ્ર દેશમાં ટ્રાફિક જામ અને જળબંબાકારની સ્થિતિ છે તેથી આ પગલું ભરવું પડ્યું

નવી દિલ્હી, તા.૧૩

ખરાબ હવામાનને કારણે, UAEના અબુ ધાબીમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આયોજિત 'અહલાન મોદી' સમુદાય કાર્યક્રમમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. સોમવારે રાત્રે ભારે વરસાદને કારણે કાર્યક્રમ ટુંકાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. યુએઈમાં ભારે વરસાદને કારણે સમગ્ર દેશમાં ટ્રાફિક જામ અને પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે. તેથી આ પગલું ભરવું પડ્યું. અબુ ધાબીના ઝાયેદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં પીએમ મોદીના સૌથી મોટા પ્રવાસી કાર્યક્રમની તૈયારી સાથે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું કે હવામાનને કારણે તેમને કાર્યક્રમમાં લોકોની ભાગીદારી ૮૦,૦૦૦ને બદલે ૩૫,૦૦૦ કરવાની ફરજ પડી છે. ઈવેન્ટની તૈયારીમાં વ્યસ્ત સજીવ પુરૂષોત્મને પીટીઆઈને જણાવ્યું કે, "અબુધાબીના ઝાયેદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૌથી મોટા પ્રવાસી ઈવેન્ટમાંથી એકની તૈયારીઓ સારી રીતે ચાલી રહી હતી, પરંતુ અચાનક હવામાનના કારણે કેટલાક લોકો ખરાબ થઈ ગયા. તેમાં ફેરફાર કરવા પડતા હતા. અને હવે ભીડ ઓછી રાખવામાં આવી છે." તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે લગભગ ૬૦ હજાર લોકોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. પુરૂષોત્મને જણાવ્યું હતું કે ઈવેન્ટના દિવસે લોકોને પરિવહન કરવા માટે ૫૦૦ થી વધુ બસો કાર્યરત કરવામાં આવશે. આ ઉપરાંત કાર્યક્રમને સફળ બનાવવા માટે ૧૦૦૦ થી વધુ સ્વયંસેવકો પણ ખડેપગે રહેશે.

વાસ્તવમાં, પીએમ મોદી મંગળવારથી સંયુક્ત આરબ અમીરાતની બે દિવસીય મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન તેઓ ૧૪ ફેબ્રુઆરીએ અબુ ધાબીમાં BAPS મંદિરનું ઉદ્‌ઘાટન કરશે. ઉદ્‌ઘાટન બાદ તેઓ આ કાર્યક્રમમાં પણ હાજરી આપશે અને લોકોને સંબોધિત કરશે.અબુ ધાબીમાં વડાપ્રધાનના વિશાળ કાર્યક્રમને લઈને જારી કરાયેલા નિવેદન અનુસાર પીએમ મોદી ઝાયેદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં 'અહલાન મોદી' કાર્યક્રમને સંબોધિત કરશે. આયોજકોએ જણાવ્યું હતું કે યુએઈમાં ખરાબ હવામાન હોવા છતાં અહીં રહેતા ભારતીય સમુદાયના લોકોના ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો નથી. ભારે વરસાદ હોવા છતાં ૨,૫૦૦ થી વધુ લોકોએ સંપૂર્ણ ગ્રાઉન્ડ રિહર્સલમાં હાજરી આપી હતી. ઈવેન્ટના આયોજનમાં સામેલ સ્વયંસેવકોએ પણ બ્રીફિંગમાં હાજરી આપી હતી.

# અયોધ્યા શહેર બનવા જઈ રહ્યું છે ભારતનું વેટિકન સિટી

અયોધ્યા, તા.૧૩

અયોધ્યામાં ભગવાન રામના ભવ્ય મંદિરને ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ સાથે જ ત્યાં આવતા ભક્તોની સંખ્યામાં પણ જબરદસ્ત વધારો જોવા મળ્યો છે. હોટલ ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓનું કહેવું છે કે ધાર્મિક પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાને કારણે આગામી પાંચ વર્ષમાં અયોધ્યામાં વિવિધ શ્રેણીની ૫૦ થી ૧૦૦ હોટેલો ખોલવાની સંભાવના છે. હોટેલ ઉદ્યોગની સંસ્થા HAI માને છે કે અયોધ્યાને માત્ર ધાર્મિક પર્યટનના પરિપ્રેક્ષ્યથી જ નહીં પરંતુ તેને ભારતના વેટિકન સિટી બનાવવાની તક તરીકે પણ જોવી જોઈએ. હોટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (HAI)ના ઉપાધ્યક્ષ કે બી કચરુએ કહ્યું કે અમારી પાસે અયોધ્યાને ધાર્મિક પર્યટનના દૃષ્ટિકોણથી નહીં પરંતુ તેને ભારતના વેટિકન સિટી જેવી બનાવવાની તક તરીકે જોવાની તક છે.

જો લોકો ઈટાલી અથવા રોમ જાય છે, પછી ભલે તેઓ કોઈપણ વર્ગના હોય, તેઓ ચોક્કસપણે વેટિકન જાય છે. કાચરુએ અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે અયોધ્યાને આખી દુનિયા સમક્ષ એવી રીતે રજૂ કરવામાં આવી છે કે તેમાં લોકોની રુચિ અનેકગણી વધી ગઈ છે.


તેમણે કહ્યું કે લોકોને લાગે છે કે જો તેઓ ભારત જઈ રહ્યા છે તો તેમણે અયોધ્યા પણ જવું જોઈએ.

આ બાબતને ધ્યાનમાં રાખીને તમામ બ્રાન્ડેડ હોટેલ કંપનીઓ આ શહેરમાં વૃદ્ધિને લઈને આશાવાદી છે. આ પ્રસંગે ૐછેંના પ્રમુખ પુનીત ચટવાલે કહ્યું કે હવે અયોધ્યાનો સમય આવી ગયો છે અને તેને કોઈ રોકી શકશે નહીં. તેમણે કહ્યું કે આગામી ત્રણથી પાંચ વર્ષમાં અયોધ્યાની અંદર ૫૦થી ૧૦૦ હોટેલો બનાવવામાં આવશે.

# સરહદી વિસ્તારના ત્રણ તાલુકાઓમાં ત્રણ દિવસ પાણી પુરવઠો બંધ રહેશે

બનાસકાંઠા, તા.૧૩, બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં આગામી ત્રણ દિવસ પાણી કાપ રહેનારો છે. વાવ, સુઈગામ અને થરાદ તાલુકાના ૮૩ જેટલા ગામોને પાણી આપવામાં નહીં આવે. જેને લઈ તંત્રએ પણ વિસ્તારના લોકોને પાણી કાપને લઈ પાણીનો યોગ્ય જરુરિયાત મુજબ સંગ્રહ કરવા માટે અપીલ કરી છે. પાણી પૂરવઠા દ્વારા સમારકામને લઈ પાણી કાપ જાહેર કરવામા આવ્યો છે.આગામી ૧૪ ફેબ્રુઆરીથી ત્રણ દિવસ માટે બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારના ત્રણ તાલુકાના લોકોને પાણી કાપ જાહેર કરવામાં આવ્યો છે. બીકે-૨ યોજનાના ફિલ્ટર પ્લાન્ટ સહિતના સમારકામને લઈ પાણીનો કાપ જાહેર કરવામા આવ્યો છે. ત્રણ દિવસ દરમિયાન પાણીની આ યોજના દ્વારા મળતો જળ જથ્થો બંધ રાખવામાં આવશે.બુધવારથી દેવપુરા ફિલ્ટર પ્લાન્ટની મુખ્ય વોટર લાઈનનું સમારકામ હાથ ધરાનારા છે. લગભગ ૮૩ જેટલા ગામના લોકોને પાણીનો જથ્થો નહીં મળે. વાવ તાલુકાના ૩૯, સુઈગામના ૨૯ અને થરાદ તાલુકાના ૧૫ ગામોને આ માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા લોકોને અપીલ કરી છે. જે મુજબ જરુરિયાત મુજબ પાણીનો જથ્થો સંગ્રહ કરવામાં આવે અને ઓછો વપરાશ કરવામાં આવે.

# ચલાલા ખાતે ઐતિહાસીક સમુહલગ્નોત્સવ, કાનજી ભુટ્ટા બારોટ એવોર્ડ અને લોકડાયરાની તૈયારીઓ શરૂ



ચલાલા ખાતે તાજેતરમાં યુગ નિર્માણ ગાયત્રી ટ્રસ્ટ દ્વારા તા.૧૭/૨/૨૦૨૪ ના રોજ સમગ્ર જિલ્લામાં જ નહિ પણ પુરા ગુજરાતમાં જેમનું નામ છે. અને જેમને રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યો હતો. એવા ચલાલાના રત્ન કાનજી ભુટ્ટા બારોટના નામથી એવોર્ડ લોકસાહિત્ય મર્મી એવા છેલભાઈ વ્યાસને આપવાનો કાર્યક્રમ કે જેમાં ખાસ પુ. મોરારીબાપુ પણ ઉપસ્થિત રહેવાનાં હોય તેમજ સાંજે ભવ્ય લોક ડાયરો કે જેમાં અરવિંદ બારોટ, મેરામણભાઈ ગઢવી, રાજભા ગઢવી, હિતેશ અંટાળા, ગોપાલ બારોટ, અભિરાજ બારોટ, જગદીશ ત્રિવેદી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેવાનાં છે. તેમજ તા.૧૮/૨/૨૦૨૪ના સર્વ જ્ઞાતિય સમુહલગ્નની ભવ્ય તડામાર તૈયારી ગાયત્રી પરિવાર દ્વારા ચાલી રહી છે. પૂ.રતિદાદાના આશીર્વાદ અને સાંનિધ્યથી આ સુંદર કાર્ય ભવ્ય રીતે સંપન્ન થાય તેવું ભારત ભુષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતા તથા ગાયત્રી સંસ્કાર ધામની સમગ્ર ટીમ અને સમગ્ર ગામજનો તેમજ સાથી મિત્રો દ્વારા ભવ્ય રીતે તૈયારીઓ હાથ ધરાય રહી છે.

### સંત દિલુબાપુ અને નશાબંધી અધિક્ષકની ઉપસ્થિતિમાં

## અમરેલીની મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનો માયાપાદર ખાતે કેમ્પ યોજાયો

### એનએસએસ કેમ્પમાં વિદ્યાર્થીનીઓ જોડાઈ



અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત અમરેલી શહેરની એકમાત્ર ગ્રાન્ટ ઈન એઈડ મહિલા કોલેજ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એનએસએસ વિભાગનાં સંયુકત ઉપક્રમે માયાપાદર મુકામે તા.૦૫/૦૧/૨૦૨૪ થી તા.૧૧/૦૧/૨૦૨૪ દરમિયાન સાત દિવસની આવાસીય શિબિરનું સુંદર, અસરકારક આયોજન થયું. આ શિબિરમાં આ કોલેજમાં અભ્યાસ કરતી ૫૦ વિદ્યાર્થીનીઓએ સાત દિવસ ત્યાં રોકાઈને એનએસએસ કો.–ઓર્ડિનેટર પ્રા.ડો.અરૂણાબેન પટેલ તથા સહયોગી પ્રા.નયનાબેન જોષીનાં માર્ગદર્શનમાં ગ્રામ સફાઈ, પ્રભાતફેરી, સ્મશાન સફાઈ, વૃક્ષોને રંગ રોગાન, અંધશ્રધ્ધા કુરિવાજ નાબુદી તથા વ્યસન મુકિતનાં સપથ લેવડાવી અસરકારક કાર્યક્રમો આયોજીત કર્યા હતા. રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા આરોગ્ય કેમ્પ અન્તર્ગત મેન્સ્ટુલ હાઈજીન, સી.પી.આર.ટ્રેઈનીંગ, ૮ અવેરનેસ પ્રોગ્રામ, બી.પી.ડાયાબીટીસ ચેકઅપ કેમ્પની કામગીરી કરવામાં આવેલ જેમાં ૧૨૦ દર્દીઓએ લાભ લીધો હતો.

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય – ભારત અભિયાન અમરેલી દ્વારા અધિક્ષક રવિભાઈ ખેર, કેરિયર ડેવલપમેન્ટ, મોટીવેશન તથા નશા મુકત ભારત અભિયાન અંગે માહિતી આપી હતી. નશાબંધી ખાતું, અમરેલીના અધિક્ષક બી.પી.જાડેજા નશાબંધી જાગૃતિ અંગે માહિતીસભર વ્યાખ્યાન આપેલ હતું.

કોલેજની શિબિરાર્થી બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નૃત્ય, ગરબા, એકપાત્રીય અભિનય, નાટક વગેરે રજુ કરવામાં આવ્યા હતા. ધોરણ–૨ ના વિદ્યાર્થી રિયાંકે છોટા જાદુગર શો રજુ કરી પોતાની વિશેષ બુદ્ધિ શકિતનું દર્શન કરાવ્યું હતું.

એનએસએસ સમાપન સમારોહમાં અતિથિ વિશેષપદે માયાપાદર ગામનાં સરપંચ વાસુરભાઈ વાળા પ્રાથમિકશાળાના આચાર્ય નિશાબેન ત્રિવેદી, ભરતભાઈ, એસ.એમ.સી.અધ્યક્ષ રાકેશભાઈ ધોરાજીયા સંત, ઉપસસરપંચ, તથા કોલેજ સ્ટાફ અને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. તમામ મહેમાનોનું શબ્દોથી સ્વાગત માતુરી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ ડો.બી.આર. ચુડાસમા, મહેમાનોને આવકારીને શિબિરાર્થી વિદ્યાર્થીનીઓને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એનએસએસ વિભાગના અધ્યક્ષ ડોબરીયા ખુખ ખુબ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ આ સંસ્થાનાં ટ્રસ્ટીઓએ પણ શુભેચ્છા પાઠવી હતી.

સગગ્ર કાર્યક્રમનું સંચાલન ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની વાળા શ્રુતિ વાજા, હીના તથા રાઠવા અંકિતાએ કર્યુ હતું. એન.એસ.સમાપન કાર્યક્રમમાં પ્રા.નયનાબેન જોષીએ આભારદર્શન કર્યુ હતું.

સમગ્ર શિબિરને ખુબજ ઉપયોગી નિવડે તે રીતે સફળ બનાવવા કોલેજના તમામ સ્ટાફ મેમ્બર્સ તથા ટ્રસ્ટીઓ તથા માયાપાદર ગ્રામજનો દ્વારા ખુબ સહયોગ પ્રાપ્ત થયો હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## વેલેટાઈન ડે : જીંદગીને પ્રેમ કરો



૧૪મી ફેબ્રુઆરીને વેલેન્ટાઈન ડે કહેવાય છે. પ્રેમની અભિવ્યકિત દર્શાવવાનો દિવસ કહેવાય છે. પ્રેમનો દિવસ –મિત્રો સાથે,ભાઈ સાથે,બાળકો સાથે, વૃધ્ધો સાથે,ઈશ્વર સાથે વગેરે વેલેટાઈન ડે માણી શકાય છે. માત્ર બોય ફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડનો દિવસ નથી આર્ટીફીશીયલ પ્રેમ દર્શાવવાનો કોઈ મતલબ નથી. આજકાલ માત્ર દેખાડો કરવાની સ્થિતી છે. તમે ઈશ્વર સાથે પણ વેલેન્ટાઈન ડે માણી શકો છો.ઈશ્વરએ ઘણુ બધુ આપ્યુ છે પ્રકુતીમાં જુઓ –વૃક્ષો–પર્વત–નદીઓ –બગીચા–પશુ–પંખી–શું નથી, બધુ જ છે. ઉપરાંત લાઈબ્રેરી,શાળા–કોલેજ વગેરે જીવનના મિત્રો છે. મા–બાપ, ભાઈ–બહેન, સ્નેહીઓ કોઈની સાથે સ્નેહ આપી શકો છો. પ્રેમમાં કયારેય અપેક્ષા નથી હોતી રાખવાની માત્ર તેમા આપવાની જ હોવી જોઈએ. વેલેન્ટાઈન વૃધ્ધજન સાથે માણી શકાય તેમની જોડે વાતો કરો જોકસ કરો સાથે જમો વગેરે વગેરે. કોઈની સાથે તમારી ખુશીઓ વહેચો જેને જોતા જ સુરક્ષા શાંતિ અને સંતોષ થાય તેને આત્મજન કહેવાય જેને તમે ખરા દિલથી ચાહો છો તે તમારો આત્મજન છે પ્રેમની ભાવના હોય તે કાયમી ટકી રહેવી જોઈએ આપણે મીરાં – કૃષ્ણની પ્રેમભકિત જાણીએ છીએ.

– રાજુભાઈ પરિખ

## જાફરાબાદનાં રામેશ્વર મંદિરમાં રૂદ્રાભિષેકનું આયોજન કરાયું




જાફરાબાદ, તા. ૧૩

જાફરાબાદના પીપળીકાંઠા વિસ્તારમાં આવેલ શ્રી રામેશ્વર મહાદેવ મંદિરના સાંનિધ્યમાં રૂદ્રા અભિષેક કર્મ કરવામાં આવેલ હતું અને બપોર બાદ નાના નાના બાળકો માટે બટુક ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. શ્રી રામેશ્વર મહાદેવ ગૃપ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ.

### કોંગ્રેસપક્ષના ધારાસભ્યો દ્વારા સિંહો મુદે પ્રશ્ન ઉપસ્થિતિ થયો

## સિંહોનાં સરંક્ષણ માટે છેલ્લા ૨ વર્ષમાં ૨૭૭ કરોડનો ખર્ચ છતાં સિંહો રહેણાંક વિસ્તારમાં આશ્રય લેવા મજબુર

### જંગલમાં અનૈતિક પ્રવૃતિઓ પણ થતી હોવાનો આક્ષેપ


પ્રતિકાત્મક તસ્વીર

ગાંધીનગર, તા.૧૩

વિધાનસભા ગૃહના કોંગ્રસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું કે ગુજરાતનાં એશિયાટિક લાઈન્સ (સિંહો) છે, આપણા બધાનું ગૌરવ છે, ગુજરાતની ઓળખ છે. એનું રક્ષણ થાય, એનું પોષણ થાય, એમાં વધારો થાય એનો સતત પ્રયત્ન બધાએ કર્યો છે. વિધાનસભામાં આજે પ્રશ્નોત્તરીમાં મારો અને અમારા ધારાસભ્ય ડો.તુષારભાઈ ચૌધરીનો પ્રશ્ન હતો અનર એમાં જે સરકારે વિગતો આપી કર છેલ્લા ૨ વર્ષમાં ગીર અને ગીર વિસ્તારમાં સિંહના સંરક્ષણ માટે કેટલી રકમ ફાળવી? જેમાં છેલ્લા બે વર્ષમાં થઈનર લગભગ ૨૭૭ કરોડ રૂપિયા જેટલી રકમ રાજય સરકાર દ્વારા સિંહના સંરક્ષણ પાછળ ખર્ચ કરવામાં આવી છે.

તેમણે આંકડા મુદ્દે ચિંતા કરતાં જણાવ્યું કે જે આંકડા બહાર આવ્યા અર ચિંતાજનક છે કે છેલ્લા ૨ વર્ષની અંદર જે કુદરતી રીતે મૃત્યુ પામ્યા હોય એવા સિંહોની સંખ્યા ૨૦૯ હતી અને અકુદરતી રીતે મૃત્યુ પામ્યા હોય એવા સિંહોની સંખ્યા ૨૯ હતી એટલે કે છેલ્લા બે વર્ષની અંદર ૨૩૮ સિંહોના મૃત્યુ થયા છે. લગભગ ૨૭૭ કરોડ રૂપિયા જેટલી રકમ ખર્ચ થઈ હોય અને તેમ છતા ૨૩૮ જેટલાં સિંહોના મૃત્યુ થાય તો આટલા કરોડો રૂપિયાનો ખર્ચ શાની પાછળ કરવામાં આવ્યો ?

તેમણે સિંહોના સંરક્ષણના ખર્ચ અને ભ્રષ્ટાચારને ટાંકીને જણાવ્યું કે જે ખર્ચના આંડકા આપ્યા છે એ જોઈને પણ આપણને અચંબો થાય કે કરોડો રૂપિયાનો ખર્ચ કોઈ સિંહોના સંરક્ષણને બદલે એની બાકીના ઈન્ફ્રાસ્ટ્રકચર પાછળ કરવામાં આવ્યો છે.જેથી થઈને ભ્રષ્ટાચાર થઈ શકે. જે કુદરતી મૃત્યુ બતાવ્યા છે એમાં જો સારી રીતે મેડિકલ ફેસીલીટીની વ્યવસ્થા કરવામાં આવી હોત તો આ રીતે મૃત્યુ થયા ના હોત.

આજે સિંહો જંગલમાંથી સ્થળાંતર કરીને રહેણાક વિસ્તારમાં છેક ગામ અને શહેરની ગલીઓમાં ફરતા જારવા મળે છે કે તેને ત્યાં જરૂરી ભોજન નથી મળતું, એને પાણીની કે રહેવા માટેની અન્ય વ્યવસ્થા છે એની સાર સંભાળ નથી થતી.

તેમણે જણાવ્યું કે ગીરના જંગલ વિસ્તારમાં અનૈતિક પ્રવૃત્તિઓ વધી છે એના કારણે સિંહોનું સ્થાનાંતર રહેણાક વિસ્તારમાં થઈ રહ્યું છે અને એ આ સિંહોના મૃત્યુ માટેનું કારણ છે. અકુદરતી રીતે મૃત્યુ થયા છે, કેટલાય લોકો ત્યાં અલગ અલગ રીતે સ્ટેટ કરતા જોવા મળે છે, લાયન્સ શો કરતા જોવા મળે છે, અનૈતિક પ્રવૃત્તિઓ જંગલમાં ચાલે છે, ગેરકાયેદસર ખનન ચાલી રહ્યું છે અને એના કારણે આ અકુદરતી મૃત્યુ પણ થાય છે. તો આટલું બધું બજેટ ખર્ચ કર્યા પછી પણ સરકાર સિહોનું રક્ષણ કરી શકતી નથી. આપણા બધા માટે ચિંતાનો વિષય છે સરકારે પણ તપાસનો વિષય છે કે કરોડો રૂપિયા ખર્ચ પછી પણ આ બે વર્ષની અંદર ૨૩૮ વર્ષમાં આપણી સંરક્ષણ કરવા માટે સરકાર ચિંતા અને પગલાં લે એવી આજે વિધાનસભામાં અમે માગણી પણ કરી છે.

# ચલાલા : હરિબા મહિલા કોલેજ અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં વાલી દિવસ ઉજવાયો



શિક્ષણ અને સંસ્કારનાં સુત્રને સાર્થક કરતી તેમજ દર વર્ષે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ બોર્ડનાં સુંદર રીઝલ્ટ લાવી અને બાળકોનું જીવન ઘડતર જ જેમનો મુખ્ય ઉદ્દશ્ય છે તેવી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તેમજ હરિબા મહિલા કોલેજમાં વાલી મીટીંગ યોજાઈ હતી. જેમાં બધા વાલીઓ ખુબ જ હર્ષોલ્લાસ સાથે પોતાના લાડકવાયા દીકરા/દીકરીઓને મળવા આવ્યા હતા. મળવાની સાથે બાળકો માટે પોતાના ઘરેથી સરસ મજાની રસોઈ બનાવીને ટીફીન અને નાસ્તો તેમની મનપસંદ વસ્તુઓ લાવ્યા હતા. બાળકો સાથે વાતચીત કરી હતી અને બાળકોએ પણ પ્રોજેકટર દ્વારા ખુબ સુંદર શૈક્ષણિક કાર્ય ચાલે છે. દર અઠવાડિયે ટેસ્ટ લેવાય છે. નબળા વિષયો પર પુરતું ધ્યાન આપવામાં આવે છે. તમે ચિંતા ના કરશો એવું આશ્વાસન આપી વાલીને સંતોષકારક જવાબ બાળકોએ આપ્યો હતો. પૂ. રતિદાદાનાં આશીર્વાદ સાથે બધા વાલીઓ પણ શિક્ષણ સાથે સંસ્કારનાં સમન્વયને નિહાળી ખૂબ રાજી થયા હતા. બધાએ સાથે ભોજન લઈ વિદાય લીધી હતી. શાળાનાં ડાયરેકટર મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતાએ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# અમરેલી ખાતે ભાજપ દ્વારા ''ગાવ ચલો અભિયાન''નો પ્રારંભ



ભારતીય જનતા પાર્ટી ના ગાંવ ચલો અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા યુવા ભાજપના પૂર્વ પ્રમુખ અને જિલ્લા ભાજપના કારોબારી સભ્ય મુકેશભાઈ સંઘાણી દ્વારા અમરેલી શહેરના વોર્ડ નંબર ૮ ના બુથ નંબર ૧૫૬ અને ૧૫૭ પર પ્રવાસી કાર્યકર્તા તરીકે જઈને સંગઠનાત્મક કામગીરી પૂર્ણ કરવામાં આવી. પ્રવાસી કાર્યકર્તા તરીકે મુકેશભાઈ સંઘાણી દ્વારા બુથમાં જઈને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈમોદીને સમર્થન આપવા માટે ૯૦૯૦૯૦૨૦૨૪ નંબર પર મિસ કોલ કરાવી,બૂથ સમિતિ તેમજ પેજ પ્રમુખો તથા બૂથ લેવલે વ્હોટસએપ ગૃપ ની મીટિંગ બોલાવી તેને બુથ લેવલે સક્રિય કરવા માટે સૂચના આપી, વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત જેટલા લોકોએ કેન્દ્ર સરકારની યોજનાનાં લાભાર્થીઓ સાથે મુલાકાત કરી ને વધુમાં વધુ લોકો સરકાર ની યોજનાઓનો લાભ લે એવુ જણાવ્યું અને આ બુથમાં લોકસંપર્ક કરીને બુથમાં ભાજપનો વોટ શેર વધારવા માટે જરૂરી કામગીરી કરવા માટે બુથમાં પ્રભાવશાળી વ્યકિત (કી–વોટર્સ) ની યાદી કરીને, તેમાં સોશિયલ મીડિયાને પ્રભાવિત કરનારા વ્યકિતનો વિશેષ સંપર્ક કર્યો અને અહીંના સ્થાનિક લોકોને નમો એપ અને સરલ એપ ડાઉનલોડ કરાવવામાં આવી હતી તથા પાર્ટી તરફથી આપેલ સૂચના મુજબની કામગીરી કરવામાં આવી હતી અને આ અભિયાનમાં શહેર ભાજપના મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા, નગરપાલિકાનાં ઉપપ્રમુખ બીનાબેન કાલેણા, બક્ષીપંચ મોરચાનાં મંત્રી ધર્મેશભાઈ અજાણી, વિશાલભાઈ કાલેણા, એ.વી આકોલીયા, કિશનભાઈ કાલેણા, વિજયભાઈ પાથર, વિજયભાઈ ગોહિલ, ઘનશ્યામભાઈ ગળથિયા, સંજયભાઈ પોકળ, નિલેશભાઈ ધાનાણી, વિપુલભાઈ સાવલિયા, મધુભાઈ ધાનાણી, વિપુલભાઈ પથ્થર, મુકેશભાઈ કાબરીયા, મુકેશભાઈ ધાનાણી, પ્રવીણભાઈ કાબરીયા સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં ગૌચર જમીનમાં

સત્તાધારી પક્ષનાં આગેવાનનાં પરિવારની વ્યકિત સંડોવાયેલી હોવાનો આક્ષેપ પણ થતાં લોકસભાની ચૂંટણી ડોકિયા કરતી હોય આ મુદો કોંગ્રેસ પક્ષનાં આગેવાનો જાહેરમાં ઉછાળે તો પણ નવાઈ પામવા જેવું નહી. બીજી તરફ સંયુકત ટીમ નિષ્પક્ષ તપાસ કરીને જે કોઈ કસુરવાન હોય તો કામગીરી કરશે કે પછી સમગં પ્રકરણ ભીનું સંકેલાશે તે માટે સમયની રાહ જોવી પડશે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૩૦ | ૧૪૬૬ |
| ૨ | મગફળી | ૧૧૭૬ | ૧૧૯૪ |
| ૩ | રાય | ૧૦૩૦ | ૧૧૭૦ |
| ૪ | ઘઉં | ૫૧૦ | ૫૩૦ |
| ૫ | ચણા | ૧૧૦૬ | ૧૨૦૪ |
| ૬ | તુવેર | ૧૫૪૮ | ૧૯૬૨ |
| ૭ | ધાણા | ૧૧૬૨ | ૧૩૪૮ |
| ૮ | સોયાબીન | ૭૮૨ | ૮૩૮ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૯૦ | ૧૨૩૪ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૮૩ |
| ૩ | શિંગદાણા | ૧૩૩૫ | ૧૬૦૫ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૩૪૫૫ |
| ૫ | તલ કાળા | ૨૨૨૦ | ૩૨૧૭ |
| ૬ | તલ કાશ્મીરી | ૪૦૫૫ | ૪૧૪૦ |
| ૭ | બાજરો | ૪૪૦ | ૬૦૦ |
| ૮ | જુવાર | ૭૫૦ | ૮૯૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૩૩ | ૬૨૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૨૬ | ૫૮૦ |
| ૧૧ | મકાઈ | ૪૫૧ | ૫૫૦ |
| ૧૨ | ચણા | ૯૦૫ | ૧૨૨૧ |
| ૧૩ | તુવેર | ૧૨૨૦ | ૨૦૨૫ |
| ૧૪ | કપાસ | ૧૦૫૦ | ૧૪૪૯ |
| ૧૫ | એરંડા | ૧૦૬૨ | ૧૦૯૬ |
| ૧૬ | જીરૂ | ૫૪૦૦ | ૬૨૬૦ |
| ૧૭ | રાયડો | ૮૯૫ | ૮૯૫ |
| ૧૮ | ધાણા | ૧૧૨૫ | ૧૪૨૦ |
| ૧૯ | ધાણી | ૧૧૫૦ | ૧૭૪૦ |
| ૨૦ | અજમા | ૧૯૯૦ | ૧૯૯૦ |
| ૨૧ | મેથી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૨૨ | સોયાબીન | ૮૦૦ | ૮૬૫ |


સંકુલ KG થી ધો. ૫ ગુજરાતી મિડીયમ – ઈંગ્લીશ મિડીયમ
૧ લી માર્ચથી કન્યા – કુમાર નવા પ્રવેશ નોંધણી શરૂ

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| નર્સરી KG 1-2 GM | ૧૫૦૦ | નર્સરી KG 1-2 EM | ૨૭૦૦ |
| ધો. ૧ થી ૫ GM | ૨૪૦૦ | ધો. ૧ થી ૫ GSEB | ૩૬૦૦ |
| ધો. ૧ થી ૫ CBSE | પ્રોસેસ | ધો. ૧ થી ૫ ICSE | ૪૨૦૦ |

★ KG થી ધો. ૫ – EM સવારની શીફ્ટ – GM બપોરની શીફ્ટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી) સ્વ઼ા:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 081


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૪૧૨ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં | ૪૬૬ | ૪૬૯ |
| ૪ | ચણા | ૧૧૪૮ | ૧૧૭૪ |
| ૫ | ધાણા | ૧૦૦૧ | ૧૧૦૦ |
| ૬ | મગ | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૭ | રાઈ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૮ | તુવેર | ૧૨૦૦ | ૧૮૮૧ |
| ૯ | સોયાબીન | ૮૪૭ | ૮૪૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૪૦ | ૧૧૯૧ |
| ૨ | શીંગ મોટી | ૮૯૦ | ૧૨૬૬ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૮૨૫ |
| ૪ | જીરૂ | ૪૬૦૦ | ૫૬૦૦ |
| ૫ | કપાસ | ૧૧૫૦ | ૧૫૦૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૬૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૪૫ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૫૧ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૮૫૧ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૨૫૨ |
| ૧૧ | દેશી ચણા | ૧૩૦૦ | ૧૫૫૧ |
| ૧૨ | તુવેર | ૧૪૫૧ | ૧૯૦૦ |
| ૧૩ | એરંડી | ૯૦૦ | ૧૦૭૦ |
| ૧૪ | રાય | ૧૦૦૦ | ૧૨૦૬ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૫૦૧ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૮૪૨ |
| ૧૭ | વાલ | – | ૨૦૦૦ |

## બાબરાનાં ભાજપ અગ્રણીનાં પુત્ર ખેલ મહાકુંભમાં જિલ્લામાં પ્રથમ નંબરે

બાબરા, તા. ૧૩

બાબરા તાલુકા ભાજપ અગ્રણી અને ભાજપ આઈટી સેલ કન્વીનર યોગેશભાઈ ગોહિલનાં પુત્ર સત્યજીત ગોહિલ અંન્ડર – ૯ માં સ્ટેન્ડિગ બ્રોડ જમ્પમાં પ્રથમ નંબરે આવેલ છે. સુખપુર અક્ષર પ્રાથમિક શાળા અને તાલુકા, જિલ્લા માં નામ રોશન કર્યુ છે. અને સત્યજીત આગળ જણાવે છે કે હું આગળ ખુબ મહેનત



કરીશ અને સમગ્ર રાજયમાં પ્રથમ નંબર મેળવીને અમરેલી જિલ્લાનું નામ રોશન કરીશ.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૩ | ૧૪૩૦ |
| ૨ | મગફળી | ૧૧૭૧ | ૧૧૭૧ |
| ૩ | ચણા | ૧૦૪૫ | ૧૨૦૯ |
| ૪ | જુવાર સફેદ | ૭૯૯ | ૮૪૫ |
| ૫ | ઘઉં | ૪૫૫ | ૪૫૫ |
| ૬ | બાજરો | ૪૦૧ | ૪૨૫ |
| ૭ | ધાણા | ૮૦૦ | ૮૦૦ |
| ૮ | તુવેર | ૧૮૩૦ | ૧૮૩૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૬૭ |
| ૨ | ચણા | ૭૦૦ | ૧૦૬૫ |
| ૩ | મગફળી | ૮૭૫ | ૧૧૪૫ |
| ૪ | તુવેર | ૧૬૦૦ | ૧૭૦૧ |
| ૫ | બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૮ | ૪૯૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૮૫ |
| ૮ | ધાણા | ૧૦૫૦ | ૧૨૦૫ |
| ૯ | સોયાબીન | ૭૭૧ | ૮૫૬ |
| ૧૦ | જુવાર | ૫૨૨ | ૯૫૧ |
| ૧૧ | સીંગફાડા | ૧૩૩૫ | ૧૩૩૫ |
| ૧૨ | લસણ | ૨૬૦૦ | ૨૬૩૫ |
| ૧૩ | તલ સફેદ | ૨૬૫૫ | ૨૯૪૦ |
| ૧૪ | રાયડો | ૭૦૦ | ૯૩૫ |
| ૧૫ | એરંડા | ૧૦૦૫ | ૧૦૦૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## આંદોલન કરવાવાળા ડરે નહી

કૂચને કારણે સુરક્ષા વ્યવસ્થામાં વધારાની વચ્ચે એક વરિષ્ઠ અધિકારીએ આ માહિતી આપી.

ખેડૂતોની કૂચને ધ્યાનમાં રાખીને દિલ્હીની આસપાસની સરહદો સીલ કરી દેવામાં આવી છે. સિંઘુ બોર્ડર પરનો ફલાયઓવર પણ સીલ કરી દેવામાં આવ્યો છે. મશીનની મદદથી સિમેન્ટ બેરીકેટ્સ લગાવવામાં આવ્યા છે. અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આરએએફ તહેનાત કરવામાં આવી છે.

ખેડૂત આંદોલનના પગલે ગૌતમ બુદ્ધ નગર પોલીસે ટ્રાફિક એડવાઈઝરી પણ જારી કરી છે જેમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હી સાથે જોડતી તમામ સરહદો પર બેરિકેડ લગાવીને સઘન ચેકિંગ અભિયાન ચલાવવામાં આવશે. આ ઉપરાંત હેલ્પલાઈન નંબર પણ જારી કરવામાં આવ્યા છે. દિલ્હીના અનેક માર્ગો પર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે. ટ્રાફિક પ્રતિબંધોને કારણે દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ, ફરીદાબાદ સહિતના **NCR** શહેરોમાં લોકોને ટ્રાફિક જામનો સામનો કરવો પડી રહ્યો છે.

ખેડૂતોની દિલ્હી ચલો માર્ચને જોતા વહીવટીતંત્રે દિલ્હીની તમામ સરહદો સીલ કરી દીધી છે. અર્ધલશ્કરી દળના જવાનો સરહદ પર તૈનાત છે. ખેડૂતો તમામ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)ની ખાતરી આપતા કાયદાની માંગ કરી રહ્યા છે. આ ઉપરાંત મનરેગા હેઠળ દર વર્ષે ૨૦૦ દિવસની રોજગારી અને ૭૦૦ રૂપિયા દૈનિક વેતન આપવાની અપીલ કરવામાં આવી છે.ખેડૂતોની દિલ્હી ચલો માર્ચને કારણે આજે રાષ્ટ્રીય રાજધાનીની તમામ સરહદો સીલ કરી દેવામાં આવી છે. સોમવારે ખેડૂતો અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચેની બેઠક લગભગ પાંચ કલાક સુધી ચાલી હતી, પરંતુ ખેડૂતોને (કિસાન આંદોલન) સમજાવવાના તમામ સંભવિત પ્રયાસો અનિર્ણિત રહ્યા હતા. દિલ્હીની તમામ સરહદોને કેન્ટોનમેન્ટમાં ફેરવી દેવામાં આવી છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૬ | ૧૩૪૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૮૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૧ | ૧૨૪૬ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૧૦૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૪૨૬ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૫૨૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૩૫ |
| ૬ | જુવાર | ૫૮૬ | ૮૨૦ |
| ૭ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૮ | મગ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૯ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | તુવેર | ૧૨૯૦ | ૧૮૬૩ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | સુર્યમુખી | ૬૭૫ | ૬૭૫ |

# ઉનાની DSC પબ્લિક સ્કૂલ દ્વારા વાર્ષિક ઉત્સવની ઉજવણી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉનાની DSC પબ્લિક સ્કૂલ દ્વારા પોતાના વાર્ષિક ઉત્સવની ઉજવણી તારીખ ૧૦ તથા ૧૧ ફેબ્રુઆરીના રોજ 'રામોત્સવ' ની થીમ હેઠળ કરવામાં આવી હતી. આ વાર્ષિક ઉત્સવમાં રામાયણ આધારિત એક ખાસ નાટક વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યુંહતું. આ નાટક દ્વારા વિવિધતામાં એકતાનો વિશિષ્ટ સંદેશ પણ આપવામાં આવ્યો હતો. રામાયણ ઉપરાંત ISRO ને સમર્પિત ચન્દ્રયાન ઉપર પણ ખાસ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી જીવનમાં નાપાસ થઈ સફળ થયેલ વ્યક્તિત્વ ઉપર પણ નાટક રજૂ કરી ' Failure is just a temporaruy situation not a permanent fact' ના સિદ્ધાંતની વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. આ નાટકો ઉપરાંત 'વુમેન એમપાવરમેંટ' , 'ટ્રિબ્યુટ ટુ સ્પોર્ટ્સ મેન' સહિત અનેક સાંસ્કુતિક કર્યેક્રમો આ વાર્ષિક ઉત્સવમાં રજૂ કરવામાં આવ્યા હતા. ઉના ગીર ગઢડા સેલ્ફ ફાઈનન્સ સ્કૂલ મેનેજમેંટ એસો. ના પ્રતિનિધિઓ, પત્રકારો, અન્ય મહેમાનોએ ઉપસ્થિત રહી ઈનામો આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂં પાડયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં તમામ શિક્ષકો, પ્રિન્સિપાલ, કેમ્પસ ડાયરેકટર, ટ્રસ્ટીઓએ જહેમત ઉઠાવી હતી.

### જાહેરમાં ગોળ કુંડાળુ કરીને જમાવટ કરી'તી

# રાજુલાનાં ચૌત્રા ગામે એક મહિલા સહિત ૪ પત્તાપ્રેમીઓ નદીનાં પટ્ટમાં જુગાર રમતા ઝડપાયા

## સ્થાનિક પોલીસે રૂપિયા ૩૦૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૧૩

રાજુલા તાલુકાના ચૌત્રા ગામે રહેતા અબ્દુલભાઈ હસનભાઈ બમાણી, મુકેશભાઈ ધીરૂભાઈ વાઘેલા, ધર્મેશભાઈ દાનાભાઈ નાગર તથા નફિસાબેન અબ્દુલભાઈ હસનભાઈ બમાણી સહિત ત્રણ પુરૂષો તથા એક મહિલા ચૌત્રા ગામમાં અબ્દુલભાઈ હસનભાઈ બમાણીના ઘર પાસે નદી કિનારે જાહેરમાં ગોળ કુંડાળુ વળી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા હોય. આ અંગે રાજુલા પોલીસને બાતમી મળતાં રોકડ રકમ રૂપિયા ૩૦૫૦ના મુદામાલ સાથે દરોડા દરમ્યાન ચારેય ઈસમો પકડાઈ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

### સ્મશાનની જગ્યાની પેશકદમી દૂર કરવા નોટિસ પાઠવતા

# ઉનાનાં ઊંટવાળ ગામનાં સરપંચ અને તેના પુત્ર ઉપર પાંચ ઈસમોએ હુમલો કર્યો

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

ઉના, તા. ૧૩

ઉનાના ઊંટવાળા ગામે સ્મશાનનીજગ્યાનીપેશકદમીકરનારને સરપંચે નોટિસ પાઠવી દબાણ દૂર કરવાનું જણાવતા પાંચ ઈસમોએ ભેગા મળી સરપંચ અને પુત્રને માર મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ઊંટવાળા ગામના સ્મશાનનીજગ્યામાં છેલ્લાઘણાવર્ષોથી ઝાડી ઝાંખરા થઈ ગયેલ હોય જેની સફાઈ ગામના સરપંચ દ્વારા કરવામાં આવેલ હોય અને આ સ્મશાનની જગ્યામાં રણજીત મુળુભાઈ સાંખટ, ભરત અરજણભાઈ સાંખટ, જીતુ રાજુભાઈ સાંખટ રહે. ઊંટવાળા વાળ ાઓએ આ સ્મશાનની જગ્યામાં સિમેન્ટના પેઢીયા નાખી પેશકદમી કરતા ગ્રામ પંચાયત દ્વારા આ પેશકદમી ખાલી કરવા ૯ ફેબ્રુઆરીના રોજ નોટિસ પાઠવતા પેશકદમી કરનાર જીતુ વધુભાઈ સાંખટ, સુરેશ અરજણભાઈ સાંખટ, રણજીત મુળુ ભાઈ સાંખટ સહિતનાઓ સાંજના સમયે લોખંડનો પાઈપ, છરી, લાકડાનો ધોકો લઈ સરપંચના ઘરે જઈ કહેવા લાગેલ કે આ નોટીસ તમોએ અમને શા માટે આપી છે અને આ પેશકદમી કાંઈ ખાલી નહીં થાય. તેવું કહેતા સરપંચે કહેલ કે આ સ્મશાનની જગ્યા છે અને સ્મશાન બનાવવાનું છે જેથી જગ્યા છોડી દો. આવું કહેતા એકદમ ઉશ્કેરાઈ જઈ અપ શબ્દો બોલી આડેધડ ઢિકા પાટુ વડે માર મારતા જીતુ વાધુભાઈ સાંખટ, સુરેશ અરજણભાઈ સાંખટ, રણજીત મુળ ભાઈ સાંખટ, દલપત મુળુભાઈ સાંખટ, વાધુ કાનાભાઈ સાંખટ વિરૂદ્ધ સરપંચ જોરૂભા ભોળાભાઈ ગોહિલે ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

### નિર્દય જનેતા સામે ફીટકારની લાગણી

# ઉનામાં જનેતાએ રેઢા મૂકી દીધેલ બાળકનું સારવાર દરમિયાન મોત

## પોલીસે બાળકની જનેતાની શોધખોળ આદરી

ઉના, તા. ૧૩



ઉનાના વરસીંગપુર રોડ પર આવેલ સમીર ગેસ એજન્સીની બાજુના ભાગે ખાણમાં સોમવારે સવારના કોઈ અજાણી વ્યકિત નવજાત બાળકને નારિયેળના કાછલાના ઉકરડામાં મૂકી જતું રહ્યું હતું અને આ બાળકનો રડવાનો અવાજ સંભળાતા પાસેના ભાગે રહેતા મહિલા અને પાડોશી એ તપાસ કરતાં નવજાત બાળક નારિયેળના કાછલાના ઉકરડામાં જોવા મળ્યું હતું. આ મળી આવેલ બાળકની જાણ ઉના પોલીસને કરતા પોલીસે બાળકનો કબજો લઈ ઉના સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જઈ વધુ સારવાર અર્થે જૂનાગઢ ખસેડાતા સારવાર બાદ મોત નિપજતા પોલીસે બાળકની જનેતાની ઓળખ મેળવવા ચક્રોગતિમાન કર્યા હતા.

### એસ.ટી.નાં અધિકારીઓને કોઈ ચિંતા નથી

# બગસરા-સુરત રૂટની બસ નિયમિત રીતે અનિયમિત દોડે

## મુસાફરોની વેદના વિભાગીય નિયામક દૂર કરે

બગસરા, તા. ૧૩

બગસરા એસટી ડેપોમાં સવારે સાત કલાકે ઉપડતી એસટી બસ બગસરા સુરત સવારે ૯: ૩૦ કલાકે અઢી કલાક મોડી ઉપડતા પેસેન્જર હેરાન પરેશાન થયા બગસરા ડેપોમાં બગસરા સુરત બસ ઓનલાઈન બુકિંગ થતી હોય જેથી તે બસ માં ઘણા પેસેન્જર સીટ બુક કરેલી હતી લોકો સરકારી બસનો વિસ કરી અને પોતાના કામ માટે ૫૦૦ કિલોમીટરનું અંતર કાપવા આ જીએસઆરટીસી ઉપર વિસ કરી અને અમો ટાઈમે પહોંચી જશો એવો ભરોસો પેસેન્જર અને હોય છે. પરંતુ બગસરા એસટી ડેપોમાં કંઈક ઉલટું જ જોવા મળે છે અને જેમાં સુરત ટાઈમ એ પહોંચી જશું તેનો શેડ્યૂલ વિખાઈ જાય છે. બગસરા સુરતમાં જવા માટે પેસેન્જર રાજુભાઈમોહનભાઈ રંગાડીયાએ પોતાનો અક્રોશ વ્યકત કરતા કહ્યું કે આવું અનેક વાર બને છે અને અમો ઉચ્ચકક્ષાએ રજૂઆત કરશું તેમજ ઓનલાઈનમાં અમારી ફરિયાદ અમે કરશું. ડેપો મેનેજરને રાજુભાઈ રંગાડીયા ફોન કર્યો હતો પરંતુ ડેપો મેનેજરને થઈ જશે તેવો જવાબ દઈ દીધો પેસેન્જર ને કોઈપણ જાતનો રિસ્પોન્સ આપ્યો નહીં ત્યારે આવું તો બગસરા એસટી ડેપોમાં અનેક વાર બની રહ્યું છે. બગસરા સુરતમાં ડ્રાઈવરના કારણે જોકે ડ્રાઈવર આગલા દિવસે હું કાલે નહીં આવું તેવું કહ્યું હતું અને તમે બગસરા સુરતની વ્યવસ્થા ડ્રાઈવરની કરી લેશો છતાં એસટી તંત્ર દ્વારા જવાબદાર વ્યકિતએ કોઈપણ જાતની તસ્દી લીધી નહીં અને પાણી પીવો હોય ત્યારે કૂવો ખોદો તે સૂત્રને સાર્થક કરી બતાવ્યું બરોબર સવારે ૭:૦૦ વાગે ઉપડવાના સમયે બગસરા સુરતના બસને ડ્રાઈવર ગોતવા નીકળ્યા અઢી કલાક પછી એક ડ્રાઈવરે માંડ માંડ હા પાડી આવું તંત્ર છે. બગસરા એસટી ડેપો નું અઢી કલાક બસ મોડી પડી અંધેરી નગરી ગંડુ રાજા જેવી પરિસ્થિતિ જોવા મળી છે. આ બાબતે ચૂંટણી નજીક આવતી હોય ત્યારે પ્રજાને પીસાવાનું છે અધિકારીઓ ધ્યાન દેતા નથી નેતાઓ મત લેવા ટાણે તમારા પ્રશ્ન હોય તે અમને કહેજો તેવા વાયદાઓ કરી અને મત લઈ જાતા હોય છે. ત્યારે આવી પરિસ્થિતિમાં જયારે જે નેતાને સુરત જવાનું થયું હોય અને તેની પાસે ફોરવીલ ન હોય એસટીમાં જવાનું થયું હોય તો ખબર પડે કે સુરત કેમ જવાય બગસરા ડેપોમાં જવાબદાર અધિકારીઓ ઉપર પગલાં લેવામાં નહીં આવે તો રાજુભાઈ રંગોળ ીયા દ્વારા મુખ્યમંત્રી ઓનલાઈન કાર્યક્રમમાં આ બાબતે પ્રશ્ન ઉછાળવામાં આવશે. તેમ પ્રેસ મીડિયાને જણાવેલ છે.


૨૩મી પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન



સ્વ. શ્રી રમણિકલાલ ભુપતલાલ દોશી
જન્મ તા. ૩૧-૧૨-૧૯૨૪ ■ સ્વ.તા. ૧૪-૦૨-૨૦૦૧

શ્રી બી.જે. દોશી હાઇસ્કૂલ અમરાપુર (ધાનાણી) વિદ્યામંદિરના શિલ્પી, શિક્ષણપ્રેમી, ગામ આગેવાન તેમજ દીર્ઘદ્રષ્ટા સ્વ.શ્રી રમણિકલાલ ભુપતલાલ દોશી ની ૨૩મી પુણ્યતિથિ નિમિતે શાળાના સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ બે મીનીટનું મૌન પાળી શ્રદ્ધાસુમન અર્પણ કરેલ તેમજ તેઓના ઉમદા જીવન વિશે શાળાના બાળકોને માહિતગાર કરેલ છે. ભગવાન સદ્ગતનાં આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના સહ વંદન...

કમલેશભાઇ આર. દોશી
પ્રમુખશ્રી : અમરાપુર કેળવણી મંડળ
આચાર્યશ્રી : બી.જે. દોશી હાઇસ્કૂલ
તથા શાળા પરિવાર, મુ. અમરાપુર (ધાનાણી)


### નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે

# વિઠ્ઠલપુર-ગાવડકા નોન પ્લાન રોડનું લોકાર્પણ

## ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસની હરણફાળ



અમરેલી, તા. ૧૩

વિઠ્ઠલપુરથી ગાવડકા સુધીના ૦૩ કિલોમીટરના નોન પ્લાન રોડનું લોકાર્પણ થતા ગ્રામ્ય વિસ્તારમાં સુવિધામાં ઉમેરો થશે. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ બંને ગામના આગેવાનોને શુભકામનાઓ પાઠવી હતી અને સ્થાનિક પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, જિલ્લા પંચાયતના સભ્ય મુકેશભાઈ બગડા, વિઠ્ઠલપુરના સરપંચ ભાવેશભાઈ, ફતેપુરના સરપંચ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા મોટા રઘુવીર સેનાનાં પ્રમુખની કરાઈ વરણી



લીલીયા, તા. ૧૩

લીલીયા મોટાના જલારામ મંદિરે મળેલ લુહાણા સમાજની બેઠકમાં લીલીયા લોહાણા સમાજ ના પ્રમુખ હિતેશભાઈ કારિયા ના માર્ગદર્શન તળ ે રઘુવીર સેનાના પ્રમુખની વરણી કરવામાં આવી. જેમાં લોહાણા સમાજમાં અનેક લોકોના સુખ દુઃખના સાથીદાર એવા કિરીટભાઈ રવાણીની પ્રમુખ તરીકે તેમજ ઉપપ્રમુખ તરીકે શર્મીલ સાદરાણી, મયુરભાઈ જોબનપુત્રાની વરણી કરવામાં આવી. આવનારા દિવસોમાં સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને સમાજમાં થતા કુરિવાજો ને દૂર કરી અને સમાજને એકતા ના તાતણે બાંધવાના પ્રયત્નોના ભાગરૂપે લીલીયા તાલુકા રઘુવીર સેનાના પ્રમુખ ઉપ પ્રમુખ તેમજ હોદ્દેદારોની વરણી કરવામાં આવી. જેમાં મહામંત્રી તરીકે અજયભાઈ વાઘાણી, મંત્રી અજયભાઈ કારીયા, ખજાનચી કમલેશભાઈ કારીયા તેમજ કારોબારી સભ્ય મીતભાઈ ઉનડકટ, વિપુલભાઈ જોબનપુત્રા, યશભાઈ શિંગાળા, પરેશભાઈ સેજપાલ, રાકેશભાઈ કારીયા, જીગ્નેશભાઈ કારીયા, વિનોદભાઈ રવાણી મનીષભાઈ જોબનપુત્રા, જયભાઈ સૂચક, કિરીટભાઈ સેજપાલ, મયુરભાઈ સાદરાણી, નિકુંજભાઈ કારીયા, પ્રતિકભાઈ જોબનપુત્રાની કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવેલ હોય ત્યારે સમાજના આગેવાનો, વડીલો, યુવાન મિત્રો દ્વારા આ તમામ નવનિયુકત હોદ્દેદારોને શુભ કામના પાઠવવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### બેન્કનાં સંચાલકોએ દરમિયાનગીરી કરવી જરૂરી

# લ્યો બોલો : બાબરામાં રૂપિયા ૧૦નાં સિક્કા વેપારી સ્વીકારે તો ગ્રાહકો સ્વીકારતા નથી

## રૂપિયા ૧૦ની ચલણી નોટ પણ બજારમાં જોવા મળતી નથી

બાબરા, તા. ૧૩

બાબરા શહેરમાં આમતો મોટા ભાગના વેપારી અને ગ્રાહકો રૂપિયા ૧૦ નો સિકો લેતાં અચકાય છે. જેનું કારણ હોઈ તો વેપારીને ડર લાગે છે કે મારી પાસે જ આ ૧૦ નાં સિક્કાઓ રહી જશે તો સામે ગ્રાહકોને પણ એનો એ પ્રશ્ન સતાવી રહ્યો છે.

હાલ બાબરા શહેરમાં ૧૦ની નોટ ગોતવી મૂશ્કેલ છે. અને એ નોટો પણ સાવ ફાટેલી દેખાય છે. આની સામે બેન્કોમાં લાખો રૂપિયાનાં ૧૦ નાં સીક્કાઓ પડયા છે . પણ એ કયાંક ચાલે તો કયાંક નથી ચાલતાં એટલે મોટા ભાગના વેપારીઓને રૂપિયા ૧૦ ની નોટો ની જરૂરિયાત ઉભી થતી હોય છે.

શહેરમાં સેવાભારતી હોસ્પિટલ ચલાવતાં ડો. કુબાવત સાથે વાત કરતાં તેઓએ જણાવ્યુ હતું કે અમારે રોજ ની ૧૦ ની નોટોની જરૂરિયાત હોય છે . એટલે અમો રોજ બજારમાં નાના મોટા વેપારી પાસેથી ૧૦ ની નોટો મંગાવી. જેમાં ૫ હજાર ની મંગાવી હોય તો એમાં ૧૦૦૦/૧૫૦૦ જેટલી નોટો સાવ ખરાબ અને ટૂંટેલી ફાટેલી આવે છે. એટલે જો ૧૦ નાં સિક્કાનું ચલણ લોકો અને વેપારીઓ લેવા લાગે તો છુટ્ટાની મગજમારી પણ નીકળી જાય અને બજારમાં નવી નોટો પણ ૧૦ મળતી રહે.

જયારે ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મુનાભાઈ મલકાણ સાથે વાત કરતાં તેઓ દ્વારા જણાવ્યું હતું કે વેપારીઓ ૧૦ નાં સિક્કા સ્વીકારી લે છે પણ વેપારી પાસેથી ગ્રાહકો ૧૦ નાં સિક્કા લેતાં નથી એના હિસાબે શહેરમાં હજુ ૧૦ નાં સિક્કાની લેવડ દેવડ થતી નથી . વેપારીને બીક લાગે છે અને એમની પાસે ૧૦ નાં સિક્કા એમનમ પડયા રહે છે. જેના હિસાબે વેપારી ડરે છે.

શહેરમાં આવેલ બેન્કો અને ચેમ્બર ઓફ કોમર્સ અને નાના મોટાં વેપારીઓ સહીતનાંઓએ ૧૦ નાં સિક્કાની આપ લે થાય એવી કોઈ ઝુંબેશ ચલાવી ૧૦ નાં સિક્કાનું ચલણ શરૂ કરવું જોઈએ. જેનાં હિસાબે લોકો ૧૦ નાં સિક્કા લેવા લાગે અને ૧૦ ની નોટોની જે કમી છે એ પૂરી થાય એવું લોકો કહે છે.

### હનીટ્રેપ કેસમાં અનેક રહસ્યો ખુલવા બાકી

# ચરખડિયાનાં યુવાનને સાણસામાં લેનાર ટોળકીના માસ્ટર માઈન્ડ પોલીસનાં સાણસાની પકડથી દૂર

## આરોપીઓ સાવરકુંડલા સુધી આંટો મારી ગયા

(પ્રતાપખુમાણદ્વારા)

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલામાં ગરીબ માણસોના કરોડો રૂપિયા ચાંઉ કરી ભૂગર્ભમાંઉતરી ગયેલ મદ્રાસી ટોળકીના માલિક સહિત ઘણા આરોપીઓ હજી પોલીસ પકડથી દૂર છે. ફકત બે આરોપીઓ જ પકડી શકાયા છે બાકીના જાણે ધરતીમાં સમાઈ ગયા હોય તેમ લાગે છે. હવે આવું જ ચરખડીયા કેસમાં પણ બનવા જઈ રહ્યું છે. આ હનીટ્રેપ ગેંગના એક મહિલા અને ત્રણ પુરૂષો સહિત કુલ ચાર શખ્સો ઝડપાઈ ગયા છે જયારે હજી માસ્ટર માઈન્ડ સહિત બાકીના ચાર શખ્સો ખુલ્લેઆમ ફરી રહ્યા છે. આ ટોળ કીની એક મહિલા જે ઉત્તરપ્રદેશની હોવાનું અનુમાન છે તે છે તેના વતનમાં નાસી છૂટવા સફળ રહી હોવાનું મનાઈ રહ્યું છે.

જાણવા મળ્યા પ્રમાણે આ આખી ગેંગના મુખ્ય સાગરીતો અમરેલી જિલ્લાના આસપાસના વિસ્તારના જ મૂળ રહેવાસીઓ છે. અમારા સુરત ખાતેના સંપર્કો દ્વારા જાણવા મળેલ છે કે, આ ગેંગ નો એક શખ્સ કે જે મૂળ ચલાળાનો હોવાનું અનુમાન છે તે પકડની બહાર છે અને તે કતારગામ સુરત પોલીસ સ્ટેશનમાં પણ એક ગુન્હામાં ઘણા સમયથી વોન્ટેડ છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશમાં પણ એક કરોડની લૂંટનો આરોપી છે. જાણવા મળ્યા પ્રમાણે આ આખી ગેંગનું નેટવર્ક સમગ્ર ગુજરાતમાં ફેલાયેલ છે અને રંગીન મિજાજના યુવાનોને ફસાવવાનો અને લાખો રૂપિયા પડાવવાનો મુખ્ય બિઝનેસ જ છે. ત્યારે આરોપીઓને સકંજામાં લઈ ૧૪ મુ રતન ચખાડવામાં આવે તો કંઈક કેટલાય નિર્દોષ યુવાનોને ફસાવવાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવે તેમ છે. ત્યારે તંત્ર હાથ ઉપર હાથ રાખી કેમ આવા તત્વોને જરૂરી સ્પેસ આપી રહ્યું છે..? વિસપાત્ર વર્તુળોમાંથી માહિતી મળે છે તે પ્રમાણે આ પકડવાના બાકી આરોપીઓ રાજકીય વગ ધરાવતા હોવાનો કારણે રાજકીય સંપર્કો દ્વારા મામલો રફેદફે કરવા દોડધામ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત આ આખી ગેંગ આર્થિક રીતે પણ સક્ષમ હોવાથી નાણાંના જોરે પણ મામલો પતાવવાની વેતરણમાં છે. અરે..આ આરોપીઓની હિંમતને દાદ આપવી પડે કે તેઓ વોન્ટેડ હોવા છતાં સાવરકુંડલામાં પણ પોતાના પ્રયત્નો કરવા માટે એક ચક્કર પણ લગાવી ગયા છે. ત્યારે જિલ્લાના ઉચ્ચ સત્તાવાળાઓ કેમ આ બધું નજર અંદાજ કરી રહ્યા છે તે મોટો પ્રશ્ન છે..? આવા તત્વોને તાત્કાલિક પકડમાં લઈ સામાન્ય પ્રજામાં એક દાખલો બેસાડવાની જરૂર છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે હજી સાવરકુંડલામાં સાધ્વી ઉપર બનેલા દુષ્કર્મના કેસનો આરોપી પણ પોલીસ પકડથી બહાર છે.


APM TERMINALS Lifting Global Trade.

**ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ**

રજિસ્ટર્ડ ઓફિસ : પિપાવાવ પોર્ટ, મુકામ પોસ્ટ રામપરા -૨, તાલુકો રાજુલા, જિલ્લો અમરેલી, ગુજરાત ૩૬૫ ૫૬૦.

સીઆઈએન : L63010GJ1992PLC018106 ટેલીફોન : ૦૨૭૯૪ ૨૪૨૪૦૦ ફેક્સ : ૦૨૭૯૪ ૨૪૨૪૧૩ વેબસાઈટ : www.pipavav.com ઈમેલ : investorrelationinppv@apmterminals.com

**૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પુરા થતાં ત્રિમાસિક અને નવ માસિક અલાયદા પરિણામોનું નિવેદન**

(રૂપિયા મિલિયનમાં)

| વિગત | સંયુક્ત | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ત્રિમાસિકના અંતે | પાછલા ત્રિમાસિકના અંતે | પાછલા વર્ષના સમાન ત્રિમાસિકને અંતે | ચાલુ ગાળાના અંતિમ તારીખ સુધીના આંકડા | પાછલા ગાળાના અંતિમ તારીખ સુધીના આંકડા | વર્ષાંતે |
| | 31/12/2023 (અનઓડિટેડ) | 30/09/2023 (અનઓડિટેડ) | 31/12/2022 (અનઓડિટેડ) | 31/12/2023 (અનઓડિટેડ) | 31/12/2022 (અનઓડિટેડ) | 31/03/2023 (ઓડિટેડ) |
| કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી) | 2,696.30 | 2,526.06 | 2,492.57 | 7,371.54 | 6,822.21 | 9,169.50 |
| સાધારણ કામગીરીમાંથી કરવેરાની ચુકવણી પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) (અપવાદરૂપબાબતોને બાદ કરતાં) | 1,102.76 | 1,071.32 | 793.46 | 2,833.20 | 2,075.84 | 2,924.50 |
| પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી (શેરદીઠ રૂ. ૧૦ના ફેસ વેલ્યુ) | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 |
| અગાઉના હિસાબી વર્ષના અગાઉના વર્ષની બેલેન્સ શીટ મુજબ અન્ય ઈક્વિટી | | | | | | 15,948.75 |
| શેરદીઠ આવક (અપવાદરૂપ ચીજવસ્તુઓ અગાઉ અને પછી) (દરેક રૂ. ૧૦/-ના) (એન્યૂલાઈઝ નહીં) | | | | | | |
| બેઝિક : | 2.28 | 2.23 | 1.64 | 5.87 | 4.30 | 6.04 |
| ડાઈલ્યૂટેડ : | 2.28 | 2.23 | 1.64 | 5.87 | 4.30 | 6.04 |

**૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પુરા થતાં ત્રિમાસિક અને નવ માસિક અલાયદા પરિણામોનું નિવેદન**

(રૂપિયા મિલિયનમાં)

| વિગત | અલાયદાં | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ત્રિમાસિકના અંતે | પાછલા ત્રિમાસિકના અંતે | પાછલા વર્ષના સમાન ત્રિમાસિકને અંતે | ચાલુ ગાળાના અંતિમ તારીખ સુધીના આંકડા | પાછલા ગાળાના અંતિમ તારીખ સુધીના આંકડા | વર્ષાંતે |
| | (અનઓડિટેડ) | 30/09/2023 (અનઓડિટેડ) | 31/12/2022 (અનઓડિટેડ) | 31/12/2023 (અનઓડિટેડ) | 31/12/2022 (અનઓડિટેડ) | 31/03/2023 (ઓડિટેડ) |
| કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી) | | 2,526.06 | 2,492.57 | 7,371.54 | 6,822.21 | 9,169.50 |
| સાધારણ કામગીરીમાંથી કરવેરાની ચુકવણી પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) (અપવાદરૂપબાબતોને બાદ કરતાં) | | 917.33 | 843.59 | 2,756.21 | 2,156.81 | 3,138.15 |
| પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી (શેરદીઠ રૂ. ૧૦ના ફેસ વેલ્યુ) | | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 |
| અગાઉના હિસાબી વર્ષના અગાઉના વર્ષની બેલેન્સ શીટ મુજબ અન્ય ઈક્વિટી | | | | | | 18,273.07 |
| શેરદીઠ આવક (અપવાદરૂપ ચીજવસ્તુઓ અગાઉ અને પછી) (દરેક રૂ. ૧૦/-ના) (એન્યૂલાઈઝ નહીં) | | | | | | |
| બેઝિક : | | 1.91 | 1.74 | 5.71 | 4.46 | 6.48 |
| ડાઈલ્યૂટેડ : | | 1.91 | 1.74 | 5.71 | 4.46 | 6.48 |

નોંધ : સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જીસમાં ફાઈલ કરેલ ત્રિમાસિક નાણાંકિય પરિણામોની વિગતવાર માહિતીની સાર ઉપર મજુબ છે. ત્રિમાસિક ગાળાને અંતે નાણાકીય પરિણામોની સંપૂર્ણ વિગતો સ્ટોક એક્સચેન્જીસની વેબસાઈટો (www.besindia.com અને www.nseindia.com) તથા કંપનીની વેબસાઈટ www.pipavav.com પર ઉપલબ્ધ છે.

ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ માટે
ગીરીશ અગ્રવાલ
મેનેજિંગ ડાયરેક્ટર

સ્થાન: મુંબઈ
તારીખ: ૧૨-૦૨-૨૦૨૪

## ખાણ-ખનિજ, ડીએલઆર અને મામલતદારની સંયુક્ત ટીમ ઘટના સ્થળે પહોંચી

# અમરેલીમાં ગૌચર જમીનમાંથી થયેલ કથિત માટી ચોરીની તપાસ શરૂ

સાંસદનાં નિવાસ સ્થાન નજીક બનાવવામાં આવેલ માર્ગમાં ગૌચરમાંથી માટી ચોરી કરીને ઉપયોગ થયાની ફરિયાદ અગાઉ થયા બાદ તપાસ શરૂ

આરટીઆઈ એક્ટિવીસ્ટ નાથાલાલ સુખડીયાએ આ કાર્યમાં રાજકીય નેતાનાં પરિવારની સંડોવણી હોવાનો આક્ષેપ કર્યો છે

સમગ્ર કથિત કૌભાંડ અંગે લાંબા સમય બાદ તપાસ શરૂ થઈ હોય તટસ્થ તપાસ થશે કે કેમ તે જોવું રહ્યું

લોકસભાની ચૂંટણી ઢંકોયા કરતી હોય તેવા જ સમયે સત્તાધારી પક્ષનાં સાંસદનાં નિવાસ સ્થાન નજીક તપાસ શરૂ હોય મામલો ગરમાશે






અમરેલી, તા. ૧૩

અમરેલી ખાતે સાંસદનાં નિવાસ સ્થાન નજીક આવેલ ગૌચર જમીનમાંથી નજીકમાં માર્ગ બનાવવા માટે બાંધકામ કરનાર એજન્સીએ માટીની ચોરી કર્યાની ફરિયાદ બાદ તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં ચકકરગઢ માર્ગ પર આવેલ સાંસદનાં નિવાસ સ્થાન નજીકથી ચકકરગઢ ગામ સુધી કરોડો રૂપિયાનાં ખર્ચે માર્ગ બનાવવાનો પ્રારંભ થયો હતો. જેમાં જરૂરી માટી નિયમ મુજબ ખરીદીને તેનો ઉપયોગ કરવાને બદલે બાંધકામ કરનાર એજન્સીએ નજીકમાં આવેલ ગૌચરમાંથી નિયમનો ઉલાળીયો કરીને લાખો ટન માટીની ચોરી કર્યાની ફરિયાદ નાથાલાલ સુખડીયાએ કલેકટરને કરેલ.

જે અનુસંધાને ખાણખનિજ, ડીએલઆઈ અને મામલતદારની સંયુકત ટીમે આજે ગૌચર જમીનની મુલાકાત લઈને માટીની ચોરી થઈ છે કે કેમ? અને થઈ તો કેટલા ટન માટીની ચોરી થઈ છે તે અંગેની તપાસ શરૂ કરી છે.

બીજી તરફ માર્ગ બાંધકામ કરનાર એજન્સીમાં મોટા ગજાનાં

અનુસંધાન પાના ૬ ઉપર

## બાંધકામ સમિતિનાં ચેરમેન સંદિપ માંગરોળીયાએ જાણકારી આપી

# અમરેલી શહેરમાં પેવીંગ બ્લોકનાં કાર્યો નિયમ મુજબ અને ભ્રષ્ટાચારવિહિન રીતે કરવામાં આવે છે

### ''અમરેલી એક્સપ્રેસ'' કાર્યાલયની મુલાકાત લઈને દૂધનું દૂધ ને પાણીનું પાણી કર્યું



અમરેલી, તા. ૧૩

અમરેલી પાલિકાનાં વિપક્ષી નગરસેવિકા સેજલબેન સોલંકીએ શહેરમાં પેવીંગ બ્લોકની થતી કામગીરી અંગે શંકા દર્શાવતાં તે અંગેના અહેવાલ મીડિયાજગતમાં પ્રસિધ્ધ થતાં જ પાલિકાની બાંધકામ સમિતિનાં ચેરમેન સંદિપ માંગરોળીયા, કારોબારી ચેરમેન મનિષ ધરજીયા અને નગર સેવક દિલુભાઈ વાળાએ ''અમરેલી એક્સપ્રેસ''ની રૂબરૂ મુલાકાત લીધી હતી.

બાંધકામ ચેરમેને જણાવ્યું હતું કે, શહેરમાં જે સ્થળોએ પેવીંગ બ્લોકનાં કાર્યો થઈ રહ્યા છે તે નિયમ મુજબ થાય છે, ભ્રષ્ટાચાર વિહીન કામ ચાલે છે અને જરૂર પડે ત્યાં લેબોરેટરી પણ કરાવવામાં આવે છે અને બાદમાં જ પેમેન્ટ કરવામાં આવે છે અને નબળુ કામ કોઈપણ સંજોગોમાં ચલાવવામાં નહી આવે અને શહેરીજનોને પણ જયાં કોઈ નબળા કામ થતાં હોય અને ધ્યાને આવે તો તુરત જ તેમનો સંપર્ક કરવા અનુરોધ કરેલ છે.


જોઇએ છે

કોમ્પ્યુટર ઓપરેટર....................૨

CorelDraw, Photoshop, PageMaker7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય..............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



Sheetal ICE CREAM

WE ARE HIRING!

Job Location : Amreli

MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)

DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)

FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)

SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)

WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm

APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com

SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.



આમ આદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ



આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

સચોટ-સટીક સાતત્યસભર દૈનિક

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

સાવરકુંડલામાં

એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે



કેવલ વેલાણી (સાવરકુંડલા)

સાવરકુંડલા શહેરમાં ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.

કેવલ વેલાણી

મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧-સાવરકુંડલા

લવાજમની મુદ્દત

તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com

e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)